dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year -09 | Issue- 129 | AD - 2026, Maha Vad - 12 | Saturday, Dt. 14-02-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### પીએમ મોદીએ અભિનંદન પાઠવી બાંગ્લાદેશની લોકશાહી પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી

## બાંગ્લાદેશમાં બીએનપી પાર્ટીનો ભવ્ય વિજય : ભારત સાથે નવા યુગની શરૂઆત!

દિલ્હી,તા.૧૩

પડોશી દેશ બાંગ્લાદેશમાં યોજાયેલી તાજેતરની સામાન્ય ચૂંટણીઓમાં બાંગ્લાદેશ નેશનાલીસ્ટ પાર્ટી(બીએનપી) એ ભવ્ય વિજય નોંધાવ્યો છે. ૩૦૦ સભ્યોની સંસદમાં ૨૦૦થી વધુ બેઠકો જીતતા પક્ષે સ્પષ્ટ બહુમતી મેળવી છે અને તેના નેતા તારીક રહેમાન હવે વડા પ્રધાન પદ સંભાળવા તૈયાર છે. શેખ હસીના સરકાર પછી યોજાયેલી આ પહેલી ચૂંટણીમાં મળેલો જનાદેશ બાંગ્લાદેશના રાજકારણમાં મહત્વપૂર્ણ વળાંક માનવામાં આવે છે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અભિનંદન સંદેશ પાઠવી બાંગ્લાદેશની લોકશાહી પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. તેમણે બંને દેશો વચ્ચેના બહુપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા અને સહિયારા વિકાસલક્ષી ધ્યેયોને આગળ વધારવાની ઈચ્છા વ્યક્ત કરી છે. આ સંદેશ સ્પષ્ટ કરે છે કે ભારત નવી સરકાર સાથે રચનાત્મક અને સહયોગાત્મક સંબંધો જાળવવા આતુર છે.

બીએનપીનો વિજય ભારત માટે રાહતરૂપ માનવામાં આવે છે. કટ્ટરપંથી તરીકે ઓળખાતી જમાન-એ-ઈસ્લામને આ ચૂંટણીમાં નિષ્ફળતા મળી છે. જોકે બીએનપી સાથે ભારતના સંબંધો ઐતિહાસિક રીતે હંમેશાં સરળ રહ્યા નથી, વર્તમાન પરિસ્થિતિમાં ભારત તેને લોકશાહી વિકલ્પ તરીકે જોવાનું પસંદ કરે છે.



૧૯૭૧માં બાંગ્લાદેશની સ્વતંત્રતા પછી બંને દેશોના સંબંધોમાં ઉતાર-ચઢાવ રહ્યા છે. ખાસ કરીને શેખ હસીનાના કાર્યકાળ (૨૦૦૯–૨૦૨૪) દરમિયાન સહકારમાં નોંધપાત્ર વધારો થયો હતો. બાંગ્લાદેશે ભારતના ઉત્તરપૂર્વમાં બળવાખોરીને કાબૂમાં રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. યુનાઈટેડ લિબરેશન ફ્રન્ટ ઓફ આસોમ (ઉલ્ફા) અને નેશનલ ડેમોક્રેટિક ફ્રન્ટ ઓફ બોડોલેન્ડ (એનડીએફબી) જેવી સંગઠનોની પ્રવૃત્તિઓને નિયંત્રિત કરવા સહયોગ મળ્યો હતો. આ સુરક્ષા સહયોગ બંને દેશો માટે વિશ્વાસનું પ્રતિક બની રહ્યો હતો. બીએનપીની સ્થાપના ઈહુર રહેમાનએ કરી હતી, અને પછી ખાલીદા ઝીયાએ પક્ષનું નેતૃત્વ સંભાળ્યું. હવે તારિક રહેમાનના નેતૃત્વ હેઠળ પક્ષ ફરી સત્તામાં આવ્યો છે.નવી સરકાર સાથે ભારત–બાંગ્લાદેશ સંબંધોમાં અનેક તકો ઉભી થઈ શકે છે. રાજકીય સ્થિરતા દ્વિપક્ષીય વિશ્વાસને મજબૂત બનાવશે. સરહદ સુરક્ષા, આતંકવાદ વિરોધી સહયોગ અને માહિતી વહેંચણી જેવા ક્ષેત્રોમાં વધુ સંકલન શક્ય છે. ઊર્જા, વેપાર, માર્ગ અને રેલ્વે જોડાણ જેવા માળખાગત પ્રોજેક્ટ્સ બંને દેશોની આર્થિક વૃદ્ધિને વેગ આપી શકે છે.

ભારતની ''પડોશી પ્રથમ'' નીતિ હેઠળ બાંગ્લાદેશ સાથેનો સહકાર વધુ વ્યાપક બની શકે છે. શિક્ષણ, સાંસ્કૃતિક આદાન-પ્રદાન અને યુવા સહયોગ દ્વારા લોકો-થી-લોકો સંબંધો મજબૂત બનશે. આ રીતે તારિક રહેમાનની જીત માત્ર બાંગ્લાદેશ માટે નહીં, પરંતુ સમગ્ર દક્ષિણ એશિયા માટે પણ નવી આશાઓ લઈને આવી છે. બંને દેશો સંવાદ, સહયોગ અને પરસ્પર વિશ્વાસના આધારે સંબંધોને નવા સ્તરે લઈ જઈ શકે છે. અને પડોશી સાથેના સંબંધો સુધરશે.

## પીએમ મોદીએ દિલ્હીમાં નવા સંકુલ 'સેવા તીર્થ' તથા કર્તવ્ય ભવનનું ઉદ્દઘાટન કર્યુ

ન્યુ દિલ્હી,તા.૧૩

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી કાર્યાલય (PMO)ના નવા સંકુલ 'સેવા તીર્થ' તથા 'કર્તવ્ય ભવન-૧' અને 'કર્તવ્ય ભવન-૨'નું ભવ્ય ઉદ્ઘાટન કર્યું. બપોરે ૧:૩૦ વાગ્યે યોજાયેલા કાર્યક્રમમાં તેમણે નવા સંકુલને રાષ્ટ્રને સમર્પિત કર્યું અને સાંજે સેવા તીર્થ ખાતે જાહેર સભાને પણ સંબોધિત કરવાની જાહેરાત કરી હતી. 'સેવા તીર્થ' આશરે ૨.૨૬ લાખ ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલું છે અને તેનું



બાંધકામ ખર્ચ અંદાજે રૂ. ૧,૧૮૯ કરોડ છે. આ સંકુલમાં ત્રણ મુખ્ય ઈમારતો છે-સેવા તીર્થ-૧, સેવા તીર્થ-૨ અને સેવા તીર્થ-૩. અહીં પ્રધાનમંત્રી કાર્યાલય, રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય અને કેબિનેટ સચિવાલયને એકીકૃત કરવામાં આવ્યા છે, જે અગાઉ અલગ-અલગ સ્થળોએ કાર્યરત હતા. સેવા તીર્થ-૨ કેબિનેટ સચિવાલયનું નવું મુખ્ય મથક છે, જ્યારે સેવા તીર્થ-૩માં રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારની કચેરીઓ સ્થિત છે.આ સંકુલ ખુલ્લા માળખાના ડિઝાઈન પર આધારિત છે, જે ઔપચારિકતાઓ ઘટાડવા અને અધિકારીઓ વચ્ચે સંકલન વધારવાનો ઉદેશ ધરાવે છે. ઈમારત એન્ક્રિપ્ટેડ સંચાર પ્રણાલીઓ, અદ્યતન સાયબર સુરક્ષા નેટવર્ક અને સંકલિત સુરક્ષા માળખાથી સજ્જ છે. ઉપરાંત, તે ભૂકંપ પ્રતિરોધક સુવિધાઓ ધરાવે છે.'કર્તવ્ય ભવન-૧' અને 'કર્તવ્ય ભવન-૨'માં કાયદા, સંરક્ષણ, નાણાં, આરોગ્ય અને કૃષિ સહિતના મહત્વપૂર્ણ મંત્રાલયો કાર્યરત રહેશે. બંને ઈમારતો ૪-સ્ટાર ગ્રીન રેટિંગ ધોરણો મુજબ ડિઝાઈન કરાઈ છે, જેમાં નવીનીકરણીય ઊર્જા, પાણી સંરક્ષણ અને કચરા વ્યવસ્થાપન જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે.

## ભારત-અમેરિકા વેપાર સોદા સામે ખેડૂત આંદોલન ફરી તેજ બનવાની શક્યતા

દિલ્હી,તા.૧૩

ભારત-અમેરિકા વેપાર સોદા મુદ્દે દેશની રાજનીતિમાં ઉથલપાથલ જોવા મળી રહી છે. આ પરિસ્થિતિમાં લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ સંસદ ખાતે વિવિધ ખેડૂત સંગઠનોના અગ્રણી નેતાઓ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી. જેમાં વેપાર સોદાના પ્રભાવ અને તેના વિરોધમાં રાષ્ટ્રવ્યાપી આંદોલન શરૂ કરવાની વ્યૂહરચના પર ચર્ચા કરવામાં આવી હતી. રાહુલ ગાંધીએ જણાવ્યું કે આ સોદાથી કૃષિ આયાત માટે દરવાજા



ખુલ્લા મૂકાયા છે, જેના કારણે દેશના કૃષિ ક્ષેત્રને ગંભીર અસર થઈ શકે છે. તેમણે ચેતવણી આપી કે જો વિદેશી કૃષિ ઉત્પાદનો મોટી માત્રામાં દેશમાં પ્રવેશ કરશે, તો સ્થાનિક ખેડૂતોને નોંધપાત્ર આર્થિક નુકસાન સહન કરવું પડશે. ખાસ કરીને મકાઈ, સોયાબીન, કપાસ, ફળ અને બદામના ઉત્પાદકોની આજીવિકા પર તેની અસર અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી.ખેડૂત નેતાઓએ બેઠક બાદ જણાવ્યું કે અમેરિકા સાથેનો આ વેપાર સોદો ખેડૂતો માટે હાનિકારક સાબિત થશે. તેમણે કહ્યું કે જો સરકાર ખરેખર ખેડૂતોના હિતોનું સંપૂર્ણ રક્ષણ કરતી હોત, તો તેમને રસ્તા પર ઉતરવાની ફરજ ન પડત. ''જો આપણે સાથે મળીને લડીશું, તો સરકારને ઝૂકવું પડશે,'' એવી પણ તેમણે ટિપ્પણી કરી.વિપક્ષે આ મુદ્દાને ખેડૂત વિરોધી ગણાવી સંસદમાં સરકારને ઘેરવાનો પ્રયાસ શરૂ કર્યો છે. સાથે જ, દેશભરમાં વિરોધ પ્રદર્શન યોજવાની તૈયારી ચાલી રહી છે.

### ભારતનો અમેરિકા સાથેનો વેપાર અંદાજે ૪૫ અબજ ડોલર સુધી વધે તેવી સંભાવના

## ભારત-અમેરીકાનો વેપાર કરારઅર્થવ્યવસ્થાને નવી દિશા આપશે

દિલ્હી,તા.૧૩

ભારત અને અમેરિકા વચ્ચે થયેલો નવો દ્વિપક્ષીય વેપાર કરાર દેશની અર્થવ્યવસ્થાને વધુ ખુલ્લી અને સ્પર્ધાત્મક બનાવવાના માર્ગ પર એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા (એસબીઆઇ)ના તાજેતરના રિસર્ચ રિપોર્ટ મુજબ, આ સોદો ભારતીય નિકાસકારો અને ઉદ્યોગકારો માટે વિશાળ તકો ઊભી કરી શકે છે.




રિપોર્ટ અનુસાર, આ કરારથી ભારતનો અમેરિકા સાથેનો વેપાર સરપ્લસ અંદાજે ૪૫ અબજ ડોલર સુધી વધી શકે છે. એટલે કે, ભારત અમેરિકાને વધુ માલ નિકાસ કરશે. કુલ વાર્ષિક સરપ્લસ ૯૦ અબજ ડોલરથી વધુ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. સૌથી મહત્વની બાબત એ છે કે ભારતીય ઉત્પાદનો પરના પારસ્પરિક ટેરિફમાં આશરે ૧૮% ઘટાડો થયો છે, જેના કારણે ભારતીય માલ હવે વિયેતનામ સહિત અન્ય એશિયન દેશોની સરખામણીમાં વધુ સસ્તો અને સ્પર્ધાત્મક બનશે. અંદાજ મુજબ, દેશના જીડીપીમાં આશરે ૧.૧%નો વધારો થઈ શકે છે.

અમેરિકા વિશ્વનું સૌથી મોટું આયાત બજાર છે, જ્યાં ટ્રિલિયન ડોલરથી વધુ મૂલ્યના માલની આયાત થાય છે. અત્યાર સુધી ભારતનો હિસ્સો માત્ર ૩% હતો, પરંતુ હવે ''અનમેટ ડિમાન્ડ'' પૂરી કરવાની તક ઉપલબ્ધ છે. ઈલેક્ટ્રિકલ મશીનરી, ફાર્માસ્યુટિકલ્સ, એન્જિનિયરિંગ ઉત્પાદનો, રત્ન-ઘરેણાં અને કાપડ જેવા ક્ષેત્રોમાં નિકાસ ક્ષમતા ૧૦૦ અબજ ડોલરથી વધુ પહોંચી શકે છે.


## વંદે માતરમ ગાવા મુદ્દે મૌલાના સાજિદ રશીદીએ વિરોધ કર્યો

દિલ્હી,તા.૧૩

કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ' માટે નવી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે, જે અંતર્ગત સરકારી કાર્યક્રમોમાં 'જન ગણ મન'ની જેમ 'વંદે માતરમ'ના તમામ છ શ્લોકોને વગાડવું અથવા ગાવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. આ નિયમનો વિરોધ હવે મુસ્લીમ નેતાઓએ પણ શરૂ કર્યો છે.



ઓલ ઈન્ડિયા ઈમામ એસોસિએશનના પ્રમુખ મૌલાના સાજિદ રશીદીએ, વંદે માત્રમના તમામ શ્લોકો ગાવાનો વિરોધ કર્યો છે. તેમણે જણાવ્યું, અમે આપણા માથા કાપી શકીએ છીએ, પરંતુ વંદે માતરમના બાકીની ચાર પંક્તિઓ ગાવા માટે અમે ક્યારેય સંમતિ આપશે નહીં. તેમણે યાદ આપ્યું કે વંદે માતરમ ૧૯૩૭થી વિવાદાસ્પદ છે, જ્યારે અબુલ કલામ આઝાદ અને હુસેન અહેમદ મદની જેવા નેતાઓએ વંદે માતરમના કેટલાક ભાગો પર વિરોધ વ્યક્ત કર્યો હતો, જે તેમના ધાર્મિક માન્યતાઓના વિરુદ્ધ હતાં.




## મોદી અને શાહે મને ભાજપમાં જોડાવા માટે દબાણ કર્યું : ભૂપેશ બઘેલનો દાવો

રાયપુર,તા.૧૩

છત્તીસગઢના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલના તાજા દાવાએ રાજકારણમાં ગરમી પેદા કરી છે. વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલના પોડકાસ્ટમાં તેમણે કહ્યું કે તેમને દિલ્હી, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહપ્રધાન અમિત શાહ દ્વારા BJPમાં જાડાવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. જ્યારે તેઓ કોઈ ખાતરી આપવા નિષ્ફળ ગયા, ત્યારે તેમના પર દરોડા પાડવામાં આવ્યા. બઘેલે જણાવ્યું કે, "ભાજપમાં



જોડાવાનો કોઈ વચન આપ્યું ન હોવા છતાં, મારા પર પરિવાર અને સાથીઓ પર દરોડા પાડવામાં આવ્યા." આ દાવા દ્વારા છત્તીસગઢના રાજકારણમાં નવી ચર્ચાઓ શરૂ થઈ છે.



**પૂર્વ જિલ્લા યુવા ભાજપ પ્રમુખ તરીકેની જવાબદારી નિભાવી હોવાથી સંગઠનનો બહોળો અનુભવ ધરાવે છે**

# જિલ્લા ભાજપ મહામંત્રી તરીકે ચેતન શિયાળની વરણી

**ચેતન શિયાળની વરણી થતા કાર્યકરોએ અભિનંદન પાઠવ્યા**

અમરેલી,તા.૧૩

અમરેલી જિલ્લામાં ભારતીય જનતા પાર્ટીમાં પાયાના કાર્યકર્તા તરીકે કારકિર્દીની શરૂઆત કરનાર ચેતનભાઈ શિયાળની વર્ષ ૨૦૨૬માં અમરેલી જિલ્લા ભાજપના મહામંત્રી તરીકે વરણી થતા પક્ષમાં ખુશીનો માહોલ છે. શિસ્તબદ્ધ અને સક્રિય નેતા તરીકે જાણીતા ચેતનભાઈએ છેલ્લા દોઢ દાયકામાં સંગઠનમાં અનેક મહત્વની જવાબદારીઓ નિભાવી છે. તેમની રાજકીય સફર પર નજર કરીએ તો, ૨૦૦૯થી ૨૦૧૨ દરમિયાન તેઓએ જાફરાબાદ શહેર ભાજપ પ્રમુખ તરીકે સંગઠનને મજબૂત કર્યું હતું. ત્યારબાદ ૨૦૧૨થી ૨૦૧૫ સુધી જિલ્લા યુવા મોરચાના મંત્રી અને ૨૦૧૬થી ૨૦૨૧ દરમિયાન જિલ્લા ભાજપ મંત્રી તરીકે પક્ષની વિચારધારાને લોકો સુધી પહોંચાડી હતી. ૨૦૨૧ થી ૨૦૨૫ સુધી અમરેલી જિલ્લા યુવા ભાજપના પ્રમુખ તરીકે યુવાનોમાં લોકપ્રિય



બનેલા ચેતનભાઈને હવે જિલ્લા સંગઠનના અગત્યના પદ 'મહામંત્રી'ની જવાબદારી સોંપવામાં આવી છે. તેમની આ નિમણૂકથી અમરેલી ભાજપમાં નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.અત્રે નોંધનીય છે કે ચેતન શિયાળ અગાઉ જિલ્લા યુવા ભાજપના પ્રમુખ તરીકે જવાબદારી નિભાવી હોવાથી તેઓ સંગઠનનો બહોળો અનુભવ ધરાવે છે.

# અમરેલીમાં સાયબર ક્રાઈમ જાગૃતિ અભિયાન: BAPS મંદિર ખાતે માર્ગદર્શન કાર્યક્રમ

અમરેલી,તા.૧૩

અમરેલી જિલ્લામાં વધતા જતા સાયબર ફ્રોડને અટકાવવા અને લોકોમાં જાગૃતિ લાવવા માટે પોલીસ વિભાગ દ્વારા સક્રિય કામગીરી હાથ ધરવામાં આવી છે. નાયબ પોલીસ અધિક્ષક સી.આઈ. દેસાઈના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમ પી.આઈ. કે.એલ. ખટાણા અને પી.આઈ. જે.એમ. કડછાની ટીમ દ્વારા વિશેષ



અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.ગુરૂવારના રોજ BAPS સ્વામિનારાયણ મંદિર, અમરેલી ખાતે સાયબર અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો. આ દરમિયાન લોકોને ઓટીપી ફ્રોડ, સ્ક્રીન શેરિંગ એપ, કસ્ટમર કેર નંબર ફ્રોડ અને ન્યુડ વીડિયો કોલ જેવી છેતરપિંડીની તરકીબો વિશે પત્રિકાઓ વહેંચીને સાવચેત કરવામાં આવ્યા હતા.

**અતુલ કાનાણી દ્વારા નવી ટીમની જાહેરાત : ચેતન ધાનાણીની અમરેલી જિલ્લા યુવા ભાજપના પ્રમુખ તરીકે વરણી**

# અમરેલી જિલ્લા ભાજપના સંગઠનનું નવું માળખું જાહેર: વિવિધ મોરચાના પ્રમુખ અને મહામંત્રીઓની વરણી

**યુવા, મહિલા અને કિસાન સહિતના મોરચાઓમાં નવા ચહેરાઓને સ્થાન**

અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા સંગઠનાત્મક નિમણૂકોની જાહેરાત કરવામાં આવી છે. પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા અને પ્રદેશના મોવડી મંડળ સાથેની ચર્ચા-વિચારણાના અંતે અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ બી. કાનાણી દ્વારા જિલ્લાના હોદ્દેદારો અને વિવિધ મોરચાના પ્રમુખ-મહામંત્રીઓની વરણી કરવામાં આવી છે. જાહેર થયેલા મુખ્ય સંગઠનમાં ઉપપ્રમુખ તરીકે મેહુલભાઈ ધોરાજીયા, મનોજભાઈ મહીડા, શરદભાઈ પંડ્યા, દીપકભાઈ વધાસીયા, ગીતાબેન કારિયા અને રમાબેન હીરપરાની નિમણૂક કરાઈ છે. જ્યારે મહામંત્રી તરીકે મયુરભાઈ માંજરીયા, ચેતનભાઈ શિયાળ અને રાજુભાઈ ભૂતૈયાને જવાબદારી સોંપવામાં આવી છે. મંત્રી તરીકે પ્રવીણભાઈ સાવજ, પ્રાગજીભાઈ વસાણી, રંજનબેન ડાભી, કોમલબેન બારૈયા, લીલાબેન ભુવા, બ્રિજેશભાઈ કુરુંદલે, હીનાબેન નાંઢા અને ક્રિષ્નાબેન મકવાણાની વરણી થઈ છે. કોષાધ્યક્ષ તરીકે મહેશભાઈ જાવીયા અને કાર્યાલય મંત્રી તરીકે મહેન્દ્રભાઈ ચાવડાની નિયુક્તિ કરાઈ છે. આ ઉપરાંત સોશિયલ મીડિયામાં દિવ્યેશભાઈ વેકરીયા, આઈ.ટી. વિભાગમાં રાકેશભાઈ નાકરાણી અને મીડિયા વિભાગમાં વિપુલભાઈ ભટ્ટીની નિમણૂક કરવામાં આવી છે.

**વિવિધ મોરચાના નામ**

યુવા મોરચો : ચેતનભાઈ દિનેશભાઈ ધાનાણી

મહિલા મોરચો : અલ્કાબેન દિનેશભાઈ ગોંડલીયા

કિસાન મોરચો : મુકેશભાઈ કુરજીભાઈ ખોખરીયા

બક્ષીપંચ (OBC) મોરચો : સાગરભાઈ જીતેન્દ્રભાઈ સરવૈયા

અનુસૂચિત જાતિ (SC) મોરચો : સંદીપભાઈ ખોડાભાઈ સોલંકી

લઘુમતી મોરચો : રજાકભાઈ વલીભાઈ કચરા

# વડેરાની પ્રાથમિક શાળા ખાતે આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજાયો

વડેરા,તા.૧૩

વડેરાના આયુષ્યમાન આરોગ્ય મંદિર દ્વારા સ્થાનિક પ્રાથમિક શાળામાં ઈન્દ્રજીત કાર્યક્રમ અંતર્ગત ધોરણ ૫થી ૮ના બાળકોના વજન, ઊંચાઈ અને BMIની તપાસ કરવામાં આવી હતી. બાળકોને આરોગ્ય વિષયક શિક્ષણ જેમ કે વાહકજન્ય રોગો ફેલાવવાના કારણો અને તેને અટકાવવાના ઉપાયો, આહારમાં પૌષ્ટિક ખોરાક લેવાના ફાયદા સમજાવવામાં આવેલ હતા. આ કાર્યક્રમના અંતે બાળકોને નાસ્તો આપવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આર. બી. એસ કે મેડીકલ ઓફિસર ડો. પ્રકાશ ચૌહાણ અને ડો. સ્વીટી ભુવા, આયુષ્યમાન આરોગ્ય મંદિરના સ્થાનિક સ્ટાફ સપનાબેન રાણવા, ડી જી રાજ્યગુરૂ, બીલકીસબેન ભટ્ટી, પ્રાથમિક શાળાના આચાર્ય નીતિનભાઈ જાની અને સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવેલ હતી.

# વડિયાની મોંઘીબા પ્રા.શાળાનું નવનિર્મિત બિલ્ડીંગ ત્રણ માસથી લોકાર્પણની રાહમાં

**હાલ શાળામાં અભ્યાસ કરતા બાળકો એક વર્ષ ઉપરથી અગવડતા ભોગવીને અભ્યાસ કરવા મજબુર**

વડિયા,તા.૧૩

વડિયાના કૃષ્ણપરા વિસ્તારમાં આવેલી મોંઘીબા પ્રાથમિક શાળાના બિલ્ડીંગના નવનિર્માણનું કામ છેલ્લા એક વર્ષ પહેલા શરુ કરવામાં આવ્યું હતું. આ બિલ્ડીંગમાં ભ્રષ્ટાચારની બદબુ આવતા જાગૃત નાગરિકો અને પત્રકારોએ આ બાબતે તટસ્થ તપાસણી માંગણી સાથે મીડિયામાં આવાજ ઉઠાવ્યો હતો. આ બિલ્ડીંગમાં લાઈન લેવલ વગરના નબળા બાંધકામ અને નબળા મટીરીયલ બાબતે મીડિયામાં અનેક વાર મુદ્દો સામે આવ્યો ત્યારે શરૂઆતમાં અમરેલી જિલ્લાના એસએસએના જવાબદાર અધિકારીઓ દ્વારા તટસ્થ તપાસ કરીશું, સ્થાનિકો અને પત્રકારોને સાથે રાખીને તપાસ કરાવીશું, થર્ડ પાર્ટી તપાસ કરાવીશું જેવા બણગા ફૂંક્યા હતા. ત્યારબાદ સૂત્રોમાંથી મળેલી વિગતો મુજબ કોઈ રાજકીય નેતાઓ, કોન્ટ્રાકટર અને અધિકારીઓની મીલીભગતથી બંધ બારણે તપાસ કરવા આવેલાં અધિકારીઓએ ન તો કોઈ સ્થાનિક ને બોલાવ્યા કે ન તો કોઈ પત્રકારોને બોલાવ્યા અને સામાન્ય તપાસ કરીને જતા રહ્યા હતા. આ બાબતની જાણ સ્થાનિક પત્રકારોને થતા તેમને એસએસએના અધિકારીઓ સાથે વાતચીત કરતા તેમના જવાબોમાં પણ વિસંગતતા જોવા મળી હતી. કોઈ કહે કે આજે તપાસ આવી છે અને કોઈ કહે કે હજુ તપાસ કરવાની બાકી છે. ત્યારબાદ આ તમામ અધિકારીઓએ વડિયાના લોકો અને પત્રકારોના ફોન ઉપાડવાનું જ બંધ કરી દેતા હવે આ મામલો જાણે જિલ્લાની ઓફિસમાં બેસીને બંધ બારણે ચાલતો હોય તેમ આ બિલ્ડીંગ ભ્રષ્ટાચારની તપાસ, કાર્યવાહી અને લોકાર્પણની વચ્ચે ત્રણ ચાર માસથી અડીખમ ઉભું ધૂળ ખાય છે. આ વિસ્તારના ધારાસભ્ય અને સરકારના મંત્રી કૌશિક વેકરીયા ભ્રષ્ટાચાર રોકવા બાબતે બિલ્ડીંગ પર લાગેલા ભ્રષ્ટાચારના આક્ષેપો પર આગળ આવી સ્થાનિકો અને પત્રકારોને સાથે રાખીને તટસ્થ તપાસ કરાવે તેવી માગ થઈ રહી છે. હાલ આ શાળામાં અભ્યાસ કરતા બાળકો એક વર્ષ ઉપર થી અગવડતા ભોગવી ને અભ્યાસ કરવા મજબુર બન્યા છે.

# લીલીયામાં ૧૬ ફેબ્રુઆરીથી ત્રણ દિવસીય આરોગ્યવર્ધક ઉકાળા કેમ્પનો પ્રારંભ થશે

લીલીયા, તા.૧૩

લીલીયા ખાતે શ્રી ક્રિષ્ના ક્રેડિટ કો ઓપરેટિવ સોસાયટી લીલીયા દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ આરોગ્યવર્ધક ઉકાળાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે. કેમ્પ ૧૬, ૧૭ અને ૧૮ ફેબ્રુઆરી સુધી ત્રણ દિવસ યોજાશે. દરરોજ સવારે ૭:૦૦ થી ૮:૩૦ વાગ્યા સુધી ઉકાળાનું વિતરણ કરવામાં આવશે. કાર્યક્રમનું સ્થળ વડવાળા હનુમાન મંદિર, સરદાર પટેલ ચોક, લીલીયા રહેશે.

કેમ્પનું ઉદ્ઘાટન ૧૬ ફેબ્રુઆરી, સોમવારે સવારે ૭:૦૦ કલાકે ઘનશ્યામભાઈ રાદડિયા, પૂર્વ ચેરમેન બાંધકામ સમિતિ અને બટુકભાઈ સોળિયા, મંત્રીશ્રી, ઉમિયા મંદિર ટ્રસ્ટ, લીલીયા દ્વારા કરવામાં આવશે. સંસ્થાના ચેરમેન નીતિનભાઈ ત્રિવેદીએ લીલીયાની સ્વાસ્થ્ય પ્રેમી જનતાને કેમ્પમાં હાજરી આપી આરોગ્ય લાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે. આયોજકોએ વધુમાં જણાવ્યું કે બદલાતા હવામાનમાં આરોગ્ય જાળવવા માટે આવા ઉપક્રમો અત્યંત ઉપયોગી સાબિત થાય છે.

# રાજુલામાં જોટંગીયા પરિવારના મોભીની પુણ્યતિથિએ સેવા કાર્યો યોજાયા

રાજુલા, તા.૧૩

રાજુલા શહેરના જોટંગીયા પરિવારના મોભી સ્વ. પ્રવિણભાઈ લલ્લુભાઈની ચોથી માસિક પુણ્યતિથિ નિમિત્તે રાજુલા અને અમદાવાદમાં વિવિધ સેવાકીય કાર્યક્રમો યોજાયા હતા. અમરેલી જિલ્લા વાણંદ જ્ઞાતિના પૂર્વ પ્રમુખ પ્રવિણભાઈ જોટંગીયાની સ્મૃતિમાં તા. ૧૩/૦૨/૨૦૨૬ના રોજ રાજુલાની સરકારી હોસ્પિટલ ખાતે દર્દીઓ, હોસ્પિટલ સ્ટાફ અને ૧૦૮ એમ્બ્યુલન્સના સ્ટાફને ફ્રૂટ વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે અમદાવાદ ખાતે તેમના



વિસ્તારમાં પણ ફ્રૂટ વિતરણ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ડૉ. જેઠવા, ડૉ. કલસરિયા, ડૉ. વરુ, હરિભાઈ વાઘેલા, વેપારી અગ્રણી મનીષભાઈ વાઘેલા, અશોકભાઈ નારીગરા, યોગેશભાઈ કાનાબાર, જસુભાઈ ગોસ્વામી, વિશ્વ હિંદુ પરિષદના યુવરાજભાઈ, ગૌરાગભાઈ, ભરતભાઈ વાજા, લક્ષ વ્યાસ, કેતન દવે તેમજ પત્રકાર મિત્રો કનુભાઈ વરૂ, યોગેશભાઈ કાનાબાર, ધર્મેશભાઈ, જગદીશભાઈ જાખરા સહિતના મહાનુભાવોએ પરિવારના કાર્યને બિરદાવ્યું હતું.

# અમરેલીની મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજમાં કેન્દ્રીય બજેટ અંગે ચર્ચા યોજાઈ

અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજમાં કેન્દ્રીય બજેટ-૨૦૨૬ અંતર્ગત ચર્ચા કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. કૉલેજના ઈન્ચાર્જ આચાર્ય ડો.જી.વી.વેલિયત દ્વારા મહેમાનોનું શાબ્દિક અને પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ઈન્ચાર્જ આચાર્ય ડૉ.



એ.જે.ચન્દ્રવાડિયા તથા સરકારના પ્રતિનિધિ તરીકે સામાજિક અગ્રણી કેતનભાઈ ધોળકિયા (નીલકંઠ જ્વેલર્સ) ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વક્તા તરીકે કે.કે.પારેખ કૉમર્સ કૉલેજ-અમરેલીના અધ્યાપક ડૉ.એ.પી.ગોરવાડિયા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે બજેટનો અર્થ, મહત્વ, તે કોના દ્વારા રજૂ કરવામાં આવતું હોય છે ? જેવા પ્રશ્નોની ચર્ચા કરીને નાણામંત્રી નિર્મલા સીતારમણે રજૂ કરેલ વર્ષ ૨૦૨૬ની બજેટની સરળ અને રસસભર ભાષામાં પી.પી.ટી. દ્વારા પ્રસ્તુતિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ અને સુચારુ સંચાલન ડૉ.એમ.જે. પટોળિયાએ કર્યું હતું અને આભારદર્શન ડૉ. વિલાસબેન સોરઠિયાએ કર્યું હતું.







# જાફરાબાદના હેમાળ ગામે માનવસેવા અર્થે તા. ૨૨ ફેબ્રુઆરીએ 'આંતરરાષ્ટ્રીય મહારક્તદાન કેમ્પ' યોજાશે

જાફરાબાદ, તા.૧૩

ભગવાન સ્વામિનારાયણે ધોલેરામાં મદનમોહનજી મહારાજની સ્થાપના કરી તેના ૨૦૦ વર્ષ પૂર્ણ થતા હોઈ તે ઉપલક્ષમાં જાફરાબાદના હેમાળ ગામે શાળા ખાતે માનવસેવાલક્ષી 'આંતરરાષ્ટ્રીય મહા રક્તદાન કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા.૨૨/૨/૨૦૨૬ને રવિવારના રોજ સવારે ૭:૩૦ કલાકે આ કેમ્પ યોજાશે.

દેશ-વિદેશમાં વસતા ભક્તો દ્વારા અનેક ધાર્મિક ઉત્સવ અને અનુષ્ઠાન ઉપરાંત માનવસેવાલક્ષી કાર્યોના ભાગરૂપે આ આયોજન કરવામાં આવ્યું છે. આ રક્તદાન કેમ્પ તા. ૨૨/૨/૨૦૨૬ના રોજ એક સાથે, એક સમયે યોજાશે. જેમાં હેમાળ ઉપરાંત સુરત, વલસાડ, નવસારી, બારડોલી, અંકલેશ્વર, નર્મદા, ભરૂચ, વડોદરા, ગોધરા, આણંદ, ખેડા, અમદાવાદ, બોટાદ, ભાવનગર, અમરેલી, જૂનાગઢ, રાજકોટ, જામનગર તેમજ મુંબઈ અને પૂના સહિતના અનેક શહેરોમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ રક્તદાન કરશે.

**ધોલેરા મદનમોહનજી મહારાજના ૨૦૦ વર્ષની ઉજવણી નિમિત્તે આચાર્ય અજેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી આયોજન**

# લાઠીના વીરપુર ગામે નવા પંચાયત ભવનનું ધારાસભ્ય જનક તળાવીયાના દ્વારા ખાતમુહૂર્ત

લાઠી,તા.૧૩



લાઠી તાલુકાના વીરપુર ગામે ગ્રામ વિકાસને નવી દિશા આપનાર પંચાયત ભવનના નવનિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત સ્થાનિક ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. નવા ભવનમાં ગ્રામજનોને વિવિધ સરકારી યોજનાઓની માહિતી, અરજીઓની પ્રક્રિયા, બેઠકો તેમજ સામાજિક કાર્યક્રમો માટે સુવિધાસભર માહોલ ઉપલબ્ધ થશે. આ અવસરે ધારાસભ્ય જનક તળાવીયાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ગામડાંના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે. સરપંચે જણાવ્યું હતું કે જૂનું પંચાયત ભવન જગ્યાની અછત અને અપૂરતી સુવિધાઓને કારણે ગ્રામજનો માટે અનુકૂળ ન હતું, જેથી નવું આધુનિક ભવન ગામ માટે આશીર્વાદરૂપ બનશે. કાર્યક્રમ દરમિયાન જિલ્લા પંચાયતના સદસ્ય પ્રતિનિધિ જીતુભાઈ ડેર પણ સંબોધન કરી વિકાસ કાર્યોને ઝડપથી પૂર્ણ કરવાની ખાતરી આપી હતી. કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહાનુભાવોને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે તાલુકા ભાજપ પ્રમુખ, તાલુકા પંચાયતના સભ્ય, ગામના આગેવાનો, કાર્યકરો તેમજ ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

# સમાજ માટે જોખમી અમરેલીના યુવકને પાસા હેઠળ સુરત જેલમાં ધકેલાયો

**પોલીસ વડાના માર્ગદર્શન નીચે કલેકટરે પાસાનું વોરંટ ઈસ્યુ કર્યુ**

અમરેલી,તા.૧૩



અમરેલી સીટી પો.સ્ટે. ઈન્સ. ડી. કે. વાઘેલાએ શરીર સબંધી ગુનાઓ કરવાની ટેવવાળા ભયજનક ઈસમ સાજીદ રજાકભાઈ ભટ્ટી (ઉ.વ.૨૩, રહે. અમરેલી, લીલાનગર) વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી હતી.

અમરેલી પોલીસ અધિક્ષક મારફતે આ દરખાસ્તને જિલ્લા મેજિસ્ટ્રેટ તરફ મોકલી આપેલ હતી. આવા ભયજનક વ્યક્તિની સમાજ વિરોધી અસામાજિક પ્રવૃતિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં, જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજે આ ઈસમ વિરુધ્ધ પાસાનું વોરંટ ઈસ્યું કરતાં તેને અમરેલી સીટી પોલીસ ટીમ દ્વારા પાસા વોરંટની બજવણી કરી સુરતની મધ્યસ્થ જેલ ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે. આ શખ્સ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે, તેની સામે અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં એક અને અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં વિવિધ ત્રણ ગુના નોંધાયેલા હતા. આ કાર્યવાહી અમરેલી એલ.સી.બી.ના પો.કોન્સ. રમેશભાઈ સીસારા, વુ.પો.કોન્સ. ધ્રુવિનાબેન સુરાણી, રીનાબેન ધોળકીયા તથા અમરેલી સીટી પોલીસ ટીમ દ્વારા કરવામાં આવેલ છે.

# બગસરામાં જલારામબાપાની ૧૪૫મી પુણ્યતિથિએ ફૂડ પેકેટનુ વિતરણ

બગસરા તા.૧૩



તસવીર : હાર્દિક બામટા

બગસરા સમસ્ત રઘુવંશી પરિવાર દ્વારા પછાત વિસ્તારોમાં પ.પૂ.શ્રી જલારામબાપાની ૧૪૫મી પુણ્યતિથિ નિમિતે લોહાણા મહાજન અને રઘુવીર સેનાએ શુક્રવારના રોજ ૬૫૦ થી વધુ ફૂડ પેકેટ વિતરણ કરવામાં આવ્યા હતા. આ તકે બગસરા શ્રી લોહાણા મહાજનના ટ્રસ્ટી વિજયભાઈ ખીરૈયા, કિરીટભાઈ જીવાણી તેમજ રઘુવીર સેનાના ચંદ્રેશ સૂચક,વૈભવ મસરાણી તેમજ લોહણા મહાજન વાડીના મહેતાજી અતુલભાઈ સેજપાલે હાજર રહી ફૂડ પેકેટ વિતરણ કર્યા હતા.

# સાવરકુંડલા તાલુકામાં જળસંચય માટે ચેકડેમ અને ફલડ પ્રોટેક્શન દીવાલના કામને સૈદ્ધાંતિક મંજુરી

સાવરકુંડલા,તા.૧૩



સાવરકુંડલા તાલુકામાં જળસંચય માટે રૂ ૧.૦૫ કરોડના ચેકડેમ અને ફલડ પ્રોટેકશન દીવાલનું કામ તેમજ ઊંડું ઉતારવાના કામોને ધારાસભ્ય મહેશ કસવાલાના પ્રયત્નોથી સરકારમાંથી સૈદ્ધાંતિક મંજુરી મળી છે. તાલુકાની 'જીવનદોરી' સમાન નદીઓ અને ડેમોની જળ સંગ્રહ ક્ષમતા વધારવા માટે સરકાર દ્વારા આ કામ અંતર્ગત બાઢડા નદી ઊંડી ઉતારવાનું કામ રૂ.૩૭.૯૨ લાખ, શેલણા નદી પર નવો ચેકડેમ બનાવવો રૂ.૨૮.૦૭ લાખ, ઘાંડલા ફલડ પ્રોટેક્શન (પૂર સંરક્ષણ) દીવાલ રૂ.૨૨.૭૮ લાખ, મેરીયાણા ફલડ પ્રોટેક્શન (પૂર સંરક્ષણ) દીવાલ રૂ.૧૭.૧૨ લાખ કુલ રૂ.૧.૦૫ કરોડના વિકાસકાર્યોને મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટ્સથી ભૂગર્ભ જળસ્તર ઊંચા આવશે અને ચોમાસા દરમિયાન પૂરના જોખમમાં ઘટાડો થશે. આ અંગે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું કે, 'આ વિકાસકાર્યો સાવરકુંડલા તાલુકા માટે આશીર્વાદરૂપ સાબિત થશે. નદીઓ ઊંડી થવાથી અને નવા ચેકડેમ બનવાથી પાણીનો સંગ્રહ વધશે, જેનો સીધો લાભ ખેતી અને પશુપાલનને મળશે. સાથે જ ફલડ પ્રોટેક્શન વોલના નિર્માણથી ખેતરો અને રહેણાંક વિસ્તારોમાં પૂરથી થતું નુકસાન અટકશે.' ભૂગર્ભ જળ સંગ્રહ વધતા આસપાસના કુવા અને બોરના તળ ઊંચા આવશે.

# રાજુલા તાલુકાના દેવકા ગામે આજે રક્તદાન કેમ્પ યોજાશે

રાજુલા,તા.૧૩

રાજુલા તાલુકાના દેવકા ગામે જે.એ. સંઘવી હાઈસ્કૂલના એન. એસ.એસ. યુનિટ દ્વારા તથા નવકાર ચેરિટેબલ ટ્રસ્ટ-બ્લડ બેંક મહુવાના સહયોગથી "રક્તદાન મહાદાન" સૂત્ર અંતર્ગત રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ રક્તદાન કેમ્પ તા. ૧૪-૦૨-૨૦૨૬, શનિવારના રોજ સવારે ૮:૦૦ થી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી દેવકા પ્રાથમિક શાળા, ખાતે યોજાશે. આયોજકો દ્વારા વધુમાં વધુ રક્તદાતાઓને ઉપસ્થિત રહી માનવસેવામાં સહભાગી થવા અપીલ કરવામાં આવી છે. અકસ્માત, ગંભીર રોગો તથા પ્રસૂતિ જેવી પરિસ્થિતિઓમાં રક્તની તાત્કાલિક જરૂરિયાત રહેતી હોય છે. માનવ લોહીનો કોઈ વિકલ્પ આજદિન સુધી શોધાયો નથી, તેથી જરૂર પડ્યે રક્તદાન જ જીવન બચાવવાનો એકમાત્ર માર્ગ બને છે. આ કેમ્પને જી.આર. અધિકારી કચેરી - અમરેલી, દેવકા ગ્રામ પંચાયત, દેવકા પ્રાથમિક શાળા પરિવાર તેમજ જે.એ. સંઘવી શાળા પરિવારનો સહયોગ પ્રાપ્ત થયો છે.

# બગસરામાં આવેલા હિન્દુ સ્મશાનનું રૂ.૩૬ લાખના ખર્ચે નવીનીકરણ

**રમત-ગમત સંકુલ ખાતે રૂ.૯.૬૦ લાખના ખર્ચ અદ્યતન બેડમિન્ટન વુડન કોર્ટ બન્યો**

બગસરા,તા.૧૩



તસવીર : મયુર પંડયા

બગસરામાં અમરેલી બાયપાસ નજીક આવેલા હિન્દુ સ્મશાન માટે નગરપાલિકાએ ૧૫મા નાણાપંચની ગ્રાન્ટ ફાળવી રૂા.૩૬ લાખના ખર્ચે નવીનીકરણ કર્યુ છે તેમજ રૂા.૯.૬૦ લાખના ખર્ચે અદ્યતન બેડમિન્ટન વુડન કોર્ટ બનાવવામાં આવ્યો છે. જેમાં પ્રાર્થના હોલ અને ખાટલી બનાવવામાં આવી છે. જયારે રૂા.૬ લાખના ખર્ચે અત્યાધુનિક ચીમની બનાવવામાં આવી છે તો અટલજી રમત-ગમત સંકુલમાં આવેલા બેડમિન્ટ માટે વુડન કોર્ટ બનાવવા માટે રૂા.૮ લાખ અને ખેલાડીઓએ સ્વખર્ચે રૂા.૧.૬૦ લાખના ખર્ચે રાજય સ્તરનો બેડમિન્ટ કોર્ટ બનાવવામાં આવ્યો છે આ અંગે પાલિકા પ્રમુખ પ્રતિનિધી એ.વી. રીબડીયાએ જણાવ્યું હતું કે, હિન્દુ સ્મશાનમાં પુરૂષ અને મહિલાઓ માટે અલગ સ્નાનાગૃહ તેમજ શિવમંદિર બનાવવાનું આયોજન છે તેમજ બેડમિન્ટન માટે જિલ્લા અને રાજય કક્ષાની ટુર્નામેન્ટ થાય તેવો અદ્યતન લાઈટ સાથેનો વુડન કોર્ટ બનાવવામાં આવ્યો છે જેથી ખેલાડીઓને સારૂ પ્લેટફોર્મ મળી શકે.

# ધારી-અમરેલી હાઈવે પર સિંહણ બચ્ચા સાથે લટાર



તસવીર : સંજય વાળા

ધારી-અમરેલી સ્ટેટ હાઈવે પર વનરાણીનો અદભૂત નજારો જોવા મળ્યો હતો. શિકારની શોધમાં નીકળેલી એક સિંહણ તેના નવજાત બચ્ચા સાથે રસ્તા પર લટાર મારતી કેમેરામાં કેદ થઈ છે. વીડિયોમાં જોઈ શકાય છે કે સિંહણ રસ્તાની વચ્ચે ઉભી રહીને આસપાસ નજર દોડાવી રહી છે. ધારી અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં સિંહ પરિવારની અચૂક હાજરીને પગલે સ્થાનિકોમાં કુતૂહલ સાથે ભયનો માહોલ પણ જોવા મળી રહ્યો છે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

ગં. સ્વ.મુક્તાબેન અમૃતભાઈ સોંડાગર(ઉ.વ.૮૦) નું તા.૧૩/૦૨/૨૦૨૬ને શુક્રવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે બીપીનભાઈ અમૃતભાઈ સોંડાગર તથા પંકજભાઈ અમૃતભાઈ સોંડાગર તથા ભાવેશભાઈ અમૃતભાઈ સોંડાગરના માતૃશ્રી થાય છે. તેમનું સદગત બેસણુ તા.૧૪/૨/૨૦૨૬ને શનિવારને ૪થી ૬ કલાકે મોચી જ્ઞાતિની વાડી સાવરકુંડલા ખાતે રાખેલ છે.

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

સંકુલ ગર્લ્સ આર્ટસ બપોર
સંકુલ મિશ્ર આર્ટસ સવાર
ધો. ૧૧-૧૨ સોસીયો Eco. Poli.
ધો. ૧૧-૧૨ હિસ્ટ્રી Geo.. Poli.
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ અમરેલી - Ad 196

શું તમને સાંભળવાની તકલીફ છે ?

નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન

કાનની અંદરનું મશીન
કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૪/૨૦૨૬

અરજદાર : શ્રી બાંભણીયા માધાભાઈ લાખાભાઈ
સરનામુ : મું.નાગેશ્રી તા.જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી - નાગેશ્રી મું.નાગેશ્રી તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના નાગેશ્રી** ગામના **શ્રી બાંભણીયા માધાભાઈ લાખાભાઈ** એ **પિતા નામે શ્રી લાખાભાઈ લખમણભાઈ બાંભણીયા નું અવસાન** તા.૨૦/૦૬/૧૯૭૮ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એચ.ડી.માંડલીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ માહે. ૦૪ ફેબ્રુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૪/૦૨/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૫/૨૦૨૬

અરજદાર : શ્રી કડવીબેન જીકાભાઈ બાંભણિયા
સરનામુ : મું.ટીંબી તા.જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી - ટીંબી મું.ટીંબી તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ટીંબી** ગામના **શ્રી કડવીબેન જીકાભાઈ બાંભણિયા** એ તેના **પુત્ર નામે શ્રી બાંભણિયા લવજી જીકાભાઈ નું જન્મ** તા.૦૧/૦૬/૧૯૯૪ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એચ.ડી.માંડલીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ માહે. ૦૪ ફેબ્રુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૪/૦૨/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૦૧/૨૦૨૬ તા.૧૧/૦૨/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. લાલજીભાઈ લાખાભાઈ સાવલિયા
રહે.એ-૪૦૪ ધર્મ જીવન એપાર્ટમેંટ, ક્ષમા સોસાયટી પાસે, એ.કે.રોડ, સુરત

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી દેતડ, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી લાલજીભાઈ લાખાભાઈ સાવલિયાનો જન્મ તા.૦૧/૦૫/૧૯૭૪ ના રોજ મુ.દેતડ તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૫/૦૩/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૦૦/૨૦૨૬ તા.૧૧/૦૨/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. કૈલાસબેન લાખાભાઈ સાવલિયા વાઈફ ઓફ મુકેશભાઈ ડોબરીયા
રહે.બી-૪૦૨, યશ્વી નેશ્રોયા, છરવાડા રોડ, નીધાનિકેતન સ્કુલ પાસે, વાપી, વલસાડ

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી દેતડ, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી કૈલાસબેન લાખાભાઈ સાવલિયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૨ ના રોજ મુ.દેતડ તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૫/૦૩/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

**રત્નેશ્વર મહાદેવના મંદિરેથી નિકળી પાલખી યાત્રા શહેરના વિવિધ વિસ્તારોમાં ફરશે**

# બગસરામાં મહાશિવરાત્રી નિમિત્તે 'ત્રિ-પાલખી શિવોત્સવ' અને કાવ્ય પઠનનું આયોજન

**સાંજે વાંઝા જ્ઞાતિના પાર્ટી પ્લોટમાં અષ્ટભૈરવની મહાઆરતી કરાશે**

બગસરા,તા.૧૩

બગસરા શહેરમાં સતત ત્રીજા વર્ષે મહાશિવરાત્રીના પાવન પર્વે સનાતન ગ્રુપ દ્વારા ભવ્ય પાલખીયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૧૫ ફેબ્રુઆરી, રવિવારના રોજ યોજાનારા આ 'ત્રિ-પાલખી શિવોત્સવ'માં પ્રથમ વખત માતાજી પણ પાલખીમાં બિરાજમાન થશે. રત્નેશ્વર મહાદેવ મંદિરથી શરૂ થનારી આ શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો પર ફરી વાંઝા જ્ઞાતિ પાર્ટી પ્લોટ પહોંચશે, જ્યાં અષ્ટભૈરવની રાજોપચાર મહાઆરતી કરવામાં આવશે. આજે શનિવારે રાત્રે ૯ કલાકે સાતલ નદીના કાંઠે વાંઝા જ્ઞાતિના પાર્ટી પ્લોટમાં ગુજરાતના પ્રખ્યાત કવિઓ દ્વારા કાવ્ય પઠનનો વિશેષ કાર્યક્રમ યોજાશે. સનાતન ગ્રુપ દ્વારા શહેરને ધ્વજા-પતાકાથી શણગારવામાં આવ્યું છે. સ્થાનિક વેપારીઓ ધંધા-રોજગાર બંધ રાખી આ મહોત્સવમાં જોડાશે. માર્ગમાં વિવિધ સંસ્થાઓ દ્વારા ફરાળ અને ઠંડા પીણાની વ્યવસ્થા કરવામાં આવી છે.

સમસ્ત હિન્દુ સમાજે તમામ ધર્મપ્રેમી જનતાને આ મહોત્સવમાં ઉમટી પડવા નિમંત્રણ પાઠવ્યું છે.

**ફટાકડા દૂર ફોડવાનું કહેતા તે વાતનું મનદુઃખ રાખી**

# રાજુલાના કડીયાળી ગામે ચાર શખ્સોએ ખેડૂત પર હુમલો કર્યો

**ખેડૂતને પાઈપ અને ઢીકાપાટુનો માર મારતા સારવામાં ખસેડાયા**

અમરેલી,તા.૧૩

ગત તા.૧૨ના રોજ રાત્રે રાજુલા તાલુકાના કડિયાળી ગામે મારામારીની ઘટના સામે આવી છે. આ બનાવમાં અશોકભાઈ બચુભાઈ વાજા (ઉંમર ૩૫ વર્ષ) નામના ખેડૂત ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. માહિતી મુજબ, બે દિવસ પહેલાં આરોપી આરસી દદુભાઈ બારૈયા ફટાકડા ફોડતા હતા. ત્યારે અશોકભાઈએ તેમને ફટાકડા થોડા દૂર ફોડવા જણાવ્યું હતું. આ વાત આરોપીને ન ગમતાં દુશ્મનાવટ રાખી હતી. ઘટનાના દિવસે આરસી દદુભાઈ બારૈયા, દદુભાઈ ભગુભાઈ બારૈયા, કુલદીપ ગંભીરભાઈ બારૈયા અને ભદો ગોસ્વામી રહે.કડિયાળીએ એક સંપ થઈ ખેડૂત પર હુમલો કર્યો હતો.આરસી બારૈયા અને કુલદીપ બારૈયા લોખંડની પાઈપ સાથે આવ્યા હતા અને અશોકભાઈને શરીરે આડેધડ માર માર્યો હતો. દદુભાઈ અને ભદો ગોસ્વામીએ પણ ઢીકા-પાટુ મારી ઈજા પહોંચાડી હતી. હુમલા દરમિયાન જમણા પગમાં પાઈપ મારતા અશોકભાઈને ફ્રેક્ચર થયું હોવાનું જણાવાયું છે. ઉપરાંત, આરોપીઓએ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# અમરેલી જિલ્લામાં બે અલગ-અલગ ઘટનામાં બે વ્યક્તિઓના આપઘાત

અમરેલી,તા.૧૩

અમરેલી જિલ્લામાં આત્મહત્યાના બે કરુણ બનાવો સામે આવ્યા છે. પ્રથમ ઘટનામાં, વડીયાના મોટી કુકાવાવ ખાતે રહેતા ૨૦ વર્ષીય યુવાન આર્યનભાઈ ચીમનભાઈ રાંકે મોબાઈલ તૂટી જતાં પિતા ખીજાશે તેવા ડરથી ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. બીજી ઘટનામાં, લાઠીના નારાયણ નગર વિસ્તારમાં રહેતા ૮૦ વર્ષીય વૃદ્ધા ઉજીબેન ઉકાભાઈ રાઠોડે લાંબા સમયથી કમર અને ગોઠણના અસહ્ય દુખાવાથી કંટાળી જઈ ગળાફાંસો ખાઈ લીધો હતો. આ બંને બનાવો અંગે કનુભાઈ રાઠોડ અને ચીમનભાઈ રાંકે પોલીસને જાણ કરતા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઘટનાઓથી સ્થાનિક પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

# સાવરકુંડલાના માનવ મંદિર આશ્રમ સંચાલિત ગુરુકુળના વિદ્યાર્થીઓ વિવિધ ક્ષેત્રે સફળ

સા.કુંડલા,તા.૧૩



સાવરકુંડલાના હાથસણી રોડ પર આવેલા માનવ મંદિર આશ્રમમાં કાર્યરત અને રામજી મંદિરના પૂજારીઓના બાળકો માટે વિશેષ શરૂ કરાયેલ ગુરુકુળના વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓ અને શૈક્ષણિક ક્ષેત્રે ઝળકતી સફળતા મેળવી છે. સનાતન પરંપરા અને ભારતીય સંસ્કૃતિના રક્ષણ કાજે પ. પૂ. ભક્તિરામબાપુએ એક નવીન પહેલ કરી છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારના રામજી મંદિરના પૂજારીઓની નબળી આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને, તેમના સંતાનો શિક્ષણથી વંચિત ન રહે તે માટે તેમને આ ગુરુકુળમાં નિઃશુલ્ક આવાસ, ભોજન સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવામાં આવે છે. તાજેતરમાં વિવિધ ક્ષેત્રમાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓએ પોતાના પ્રમાણપત્રો પૂજ્ય બાપુને અર્પણ કરી તેમના આશીર્વાદ લીધા હતા. આ પ્રસંગે પ.પૂ. ભક્તિરામબાપુએ જણાવ્યું હતું કે, "રામજી મંદિરના પૂજારીઓ સમાજમાં ધર્મનું જતન કરે છે, ત્યારે તેમના બાળકોને ઉત્તમ શિક્ષણ અને રહેવાની સુવિધા મળી રહે તે માટે આ ગુરુકુળની સ્થાપના કરી છે. અમારો ઉદ્દેશ્ય બાળકોને માત્ર ડિગ્રી અપાવવાનો જ નહીં, પરંતુ તેમને સંસ્કારી અને સક્ષમ નાગરિક બનાવવાનો છે."

# રાજુલામાં બ્યુટી પાર્લર જવાનું કહી નીકળેલી ૧૮ વર્ષીય યુવતી ગુમ

**યુવતીની ભાળ ન મળતા પોલીસને જાણ કરવામાં આવી**

અમરેલી,તા.૧૩

રાજુલા શહેરના ડોળીના પટ્ટ વિસ્તારમાં રહેતી એક ૧૮ વર્ષીય યુવતી રહસ્યમય સંજોગોમાં ગુમ થતા ચકચાર મચી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, કયુમભાઈ ઈનુસભાઈ બેલીમની પુત્રી કૌશર (ઉ.વ. ૧૮) ગત તારીખ ૧૨/૦૨/૨૦૨૬ ના રોજ સવારે નવેક વાગ્યાની આસપાસ પોતાના ઘરેથી 'બ્યુટી પાર્લર જાઉં છું' તેમ કહીને નીકળી હતી. મોડી સાંજ સુધી કૌશર ઘરે પરત ન ફરતા અને તેની કોઈ ભાળ ન મળતા પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. અંતે, આ મામલે રાજુલા પોલીસ સ્ટેશનમાં ગુમ થયા અંગેની જાણ કરવામાં આવી છે. હાલમાં અનાર્મ હેડ કોન્સ્ટેબલ બાબરીયા આ કેસની વધુ તપાસ ચલાવી રહ્યા છે.

**સાસુએ ધીમે બોલ અહી બધા રહે છે તેમ કરી ઝઘડો શરૂ કર્યો**

# વડીયા તાલુકાના લુણીધાર ગામે ફોન બાબતે પરિણીતાને સાસરીયાનો ત્રાસ

**વારંવાર ઝઘડાથી કંટાળી પરિણીતાએ વડીયા પોલીસમાં ફરિયાદ નોંધાવી**

અમરેલી,તા.૧૩

વડીયા તાલુકાના લુણીધાર ગામે રહેતી એક પરિણીતાને ફોન પર વાત કરવા બાબતે સાસરિયાઓએ શારીરિક અને માનસિક ત્રાસ આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ઘટના સામે આવી છે. ગુરૂવારની સાંજે લુણીધાર ગામે રહેતા દયાબેન રાજુભાઈ ચાવડા (ઉ.વ. ૩૫) પોતાના પતિ સાથે ફોન પર વાત કરી રહ્યા હતા. આ દરમિયાન તેમના સાસુ કંચનબેને "ધીમે બોલ, અહીં બધા રહે છે" તેમ કહી ઝઘડો શરૂ કર્યો હતો. જોતજોતામાં સસરા ભરતભાઈ, દિયર જયસુખભાઈ અને દેરાણી ચેતનાબેન સહિતના સભ્યોએ ભેગા મળી દયાબેન સાથે ગાળાગાળી કરી હતી. પરિસ્થિતિ વણસતા દયાબેને અમરેલી રહેતા તેમના ભાઈ દિનેશભાઈને બોલાવ્યા હતા. જોકે, અન્ય આરોપીઓ કાકાજી સસરા અરવિંદભાઈ અને દિયર કમલેશભાઈએ દિનેશભાઈને પણ મારવા દોડી, "અહીંથી જતો રહે, નહિતર જાનથી મારી નાખશું" તેવી ધમકી આપી હતી. હાલમાં દયાબેને કુલ ૬ સાસરિયાઓ વિરુદ્ધ અવારનવાર માનસિક-શારીરિક દુઃખ ત્રાસ આપવા અને મદદગારી કરવા બદલ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

**બોલેરો ચાલકે રોંગ સાઈડમાં વાહન ચલાવતા હિટ એન્ડ રન કેસ**

# સાવરકુંડલામાં બોલેરો ચાલકે બાઈકને ટક્કર મારતા બેને ઈજા

**અકસ્માતમાં ફરીયાદી રામદેવસિંહ ગોહિલને ગંભીર ઈજા પહોંચી**

અમરેલી,તા.૧૩

સાવરકુંડલા શહેરના મહુવા રોડ પર રતન હોટલ સામે ગત રાત્રે એક ગંભીર અકસ્માતની ઘટના સામે આવી છે. પુરઝડપે આવતી બોલેરો પીકઅપના ચાલકે રોંગ સાઈડમાં આવી બાઈકને જોરદાર ટક્કર મારતા બે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા છે. સાવરકુંડલાની આસોપાલવ સોસાયટીમાં રહેતા અને સેન્ટીંગ કામ કરતા રામદેવસિંહ પ્રવિણસિંહ ગોહીલ (ઉ.વ. ૪૯) ગઈકાલે રાત્રે આશરે ૯:૪૦ વાગ્યે પોતાના મિત્ર સાથે હોન્ડા પેશન પ્રો (GJ-૧૪-AE-૪૮૯૯) પર બસ સ્ટેશન તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન સામેથી આવતી સફેદ કલરની બોલેરો પીકઅપ (GJ-૧૪-X-૦૦૭૮) ના ચાલકે પોતાના વાહનને ગફલતભરી રીતે અને રોંગ સાઈડમાં ચલાવી બાઈક સાથે અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં ફરિયાદી રામદેવસિંહને નાકના ભાગે ગંભીર ઈજા તથા ડાબા હાથના અંગુઠામાં ફ્રેક્ચર થયું છે, જ્યારે તેમના મિત્રને પણ શરીરે અને હાથે ઈજાઓ પહોંચી છે. અકસ્માત સર્જી બોલેરો ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. હાલ આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે અને પોલીસે ફરાર ચાલકની શોધખોળ હાથ ધરી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: દશમ
તા.૧૨-૦૨-૨૦૨૬, ગુરૂવાર, સૂર્યોદય-૦૭:૨૬,
સૂર્યાસ્ત-૦૬:૦૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: જ્યેષ્ઠા

## દૈનિક રાશિફળ

તા.૧૨-૦૨-૨૦૨૬ ગુરૂવાર

મેષ: આજે આવકના નવા સ્ત્રોત સર્જાશે. વાણીની નરમાઈ તમને માન આપશે. શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે.

વૃષભ: આજે સંતોષ અને શાંતિનો દિવસ રહેશે. રાજકીય ક્ષેત્રે કરેલા પ્રયત્નો સફળ થશે. શાસન અને સત્તાથી ઘણા ફાયદા થઈ શકે છે.

મિથુન: આજે રોજગાર વેપારના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી તમને સંતોષજનક સમાચાર પણ મળશે.

કર્ક: આજે તમારી આસપાસનું વાતાવરણ આનંદદાયક રહેશે. પરિવારના બધા સભ્યોની ખુશીમાં વધારો થશે.

સિંહ: આજે કડવાશને મીઠાશમાં ફેરવવાની કળા શીખવી પડશે. જીવનસાથીનો સહયોગ સહયોગ મળશે પણ બાળક તરફથી નિરાશાજનક સમાચાર મળી શકે છે.

કન્યા: આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યની પ્રતિષ્ઠા વધશે. બાળકની જવાબદારી નિભાવી શકાય છે.

તુલા: આજે કોઈ કિંમતી વસ્તુ ગુમાવવી અથવા ચોરી થવાનો ભય રહેશે, સાંજ સુધીમાં કોઈ અટકેલું કામ પૂર્ણ થઈ શકે છે.

વૃશ્ચિક: આજે તમારા સ્વાસ્થ્યમાં-ખુશીમાં થોડો ઘટાડો થઈ શકે છે. વાદ-વિવાદની સંભાવના છે, ધૈર્ય રાખો.

ધન: આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે નવા પ્રયત્નો સફળ થશે.

મકર: આજનો દિવસ પુત્ર અને પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં પસાર થશે. વિવાહિત જીવનમાં સમસ્યા સમાપ્ત થઈ જશે.

કુંભ: આજે કોઈ શારીરિક સમસ્યા ઊભી થઈ શકે છે. જે બાબતે ડોક્ટરની સલાહ લેવી જોઈએ.આજે કાર્યક્ષેત્રમાં મૂંઝવણ રહેશે.

મીન: આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ તરફથી નિકટતાનો લાભ ઉપલબ્ધ થશે.

# રાજુલા શહેરમાં તળપદા કોળી જ્ઞાતિના ૩૦મા સમૂહલગ્નમાં ૨૪ દંપતીઓએ પ્રભુતામાં પગલાં પાડ્યાં

રાજુલા,તા.૧૩



રાજુલામાં આજે માર્કેટિંગ યાર્ડ ખાતે તળપદા કોળી જ્ઞાતિ દ્વારા ૩૦મો સમૂહલગ્નોત્સવ ભવ્ય રીતે યોજાયો હતો. આ પવિત્ર પ્રસંગે ૨૪ દંપતીઓએ પ્રભુતામાં પગલાં પાડીને નવા જીવનની શરૂઆત કરી હતી. આ પ્રસંગે માતૃશ્રી મીરામા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા દીકરીઓને કરિયાવર સહિતની વસ્તુઓ ભેટ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા પરષોત્તમભાઈ સોલંકીએ સમાજને સંગઠિત રહી આગળ વધવા અનુરોધ કર્યો હતો. આ અવસરે રાજેન્દ્ર બાપુ (નિર્મોહી અખાડા), સનાતન બાપુ, જાફરાબાદ ખારવા સમાજના આગેવાન ભગુભાઈ સોલંકી, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ગૌરાંગ મહેતા તેમજ ચેતનભાઈ શિયાળ વગેરે હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને તેમની ટીમે પ્રસંગને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. આ અવસરે હેમાંગભાઈ ટાંક, જાગૃતિબેન તેરૈયા, આશિષભાઈ જાની, દયાબેન ડાભી અને ઉત્તમભાઈ જોશીએ ભાતીગળ લગ્ન ગીત રજૂ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન રાજુલા પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# અમરેલીમાં અડચણરૂપ વાહન રાખવા બદલ બે લોકોસામે કાર્યવાહી

અમરેલી,તા.૧૩

અમરેલી પોલીસે જુદા જુદા ગુનાઓ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રથમ કિસ્સામાં, શહેરના ટાવર રોડ વિસ્તારના તોફીક રફીકભાઈ સોલંકી અને વરૂડી ગામના કાળુભાઈ સોમાભાઈ રાઠોડ વિરુદ્ધ જાહેર રોડ પર પોતાની ઈક્કો કાર (GJ-૦૪-CJ-૩૩૪૬ અને GJ-૧૧-CL-૨૫૦૪) ટ્રાફિકને અડચણરૂપ થાય તે રીતે ઉભી રાખવા બદલ ગુનો નોંધવામાં આવ્યો છે. જયારે અમરેલીના વાહિદભાઈ મહમદભાઈ મલેક સામે ફરિયાદ નોંધાઈ છે. આરોપીએ ફરિયાદી ખુશ્બુ હુસેનભાઈ ચૌહાણના ઘરે ગેરકાયદે પ્રવેશ કરી, ફળીયામાં પાર્ક કરેલી રૂ. ૭૦,૦૦૦ની કિંમતની સુઝુકી બર્ગમેન મોટરસાઈકલ (GJ-૧૪-BH-૯૫૩૪) પર પેટ્રોલ છાંટી તેને સળગાવી દેતા ભારે ચકચાર મચી છે. પોલીસે આ મામલે તપાસ તેજ કરી છે.


**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૩૮/૨૦૨૬

અરજદાર : શ્રી મહેશભાઈ વશરામભાઈ ઓઝા
સરનામુ : મું.ટીંબી તા.જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - ટીંબી
મું.ટીંબી તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ટીંબી** ગામના **શ્રી મહેશભાઈ વશરામભાઈ ઓઝા** એ તેના **પુત્રી નામે શ્રી પ્રવિણા મહેશભાઈ ઓઝા નું જન્મ** તા.૦૬/૧૦/૧૯૮૧ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એચ.ડી.માંડલીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ માહે. ૦૪ ફેબ્રુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૪/૦૨/૨૦૨૬
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૩૭/૨૦૨૬

અરજદાર : શ્રી મહેશભાઈ વશરામભાઈ ઓઝા
સરનામુ : મું.ટીંબી તા.જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - ટીંબી
મું.ટીંબી તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ટીંબી** ગામના **શ્રી મહેશભાઈ વશરામભાઈ ઓઝા** એ તેના **પુત્ર નામે શ્રી મેહુલભાઈ મહેશભાઈ ઓઝા નું જન્મ** તા.૧૨/૦૬/૧૯૮૭ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એચ.ડી.માંડલીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ માહે. ૦૪ ફેબ્રુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૪/૦૨/૨૦૨૬
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૩૬/૨૦૨૬

અરજદાર : શ્રી કડવીબેન જીકાભાઈ બાંભણિયા
સરનામુ : મું.ટીંબી તા.જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - ટીંબી
મું.ટીંબી તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ટીંબી** ગામના **શ્રી કડવીબેન જીકાભાઈ બાંભણિયા** એ તેના **પુત્ર નામે શ્રી બાંભણિયા સવજી જીકાભાઈ નું જન્મ** તા.૦૧/૦૬/૧૯૯૭ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એચ.ડી.માંડલીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ માહે. ૦૪ ફેબ્રુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૪/૦૨/૨૦૨૬
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

તંત્રી લેખ

# મેસેજીંગ સર્વિસ Whatsapp પર રશિયાનો પ્રતિબંધ

વિદેશી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પોતાને વૈશ્વિક સ્તરે અગ્રેસર ગણાવે છે, પરંતુ અનેક દેશો હવે તેમના પર નિયંત્રણો કડક બનાવી રહ્યા છે. આ યાદીમાં હવે રશિયાનો સમાવેશ થયો છે. તાજેતરમાં રશિયાએ લોકપ્રિય મેસેજિંગ એપ **Whatsapp** પર બ્લોક લગાવવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય માત્ર ટેકનિકલ કાર્યવાહી નથી, પરંતુ ડિજિટલ સ્વતંત્રતા, ગોપનીયતા અને રાજ્ય નિયંત્રણ વચ્ચેની ટકરાવ તરીકે જોવામાં આવી રહ્યો છે.વોટ્સએપ ૨૦૦૯માં શરૂ થયેલી અને હાલમાં **Meta Platfroms**ની માલિકીની વિશ્વપ્રસિદ્ધ મેસેજિંગ એપ છે. એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન તેની સૌથી મોટી ખાસિયત છે, જેના કારણે વપરાશકર્તાના સંદેશા, વોઈસ કોલ અને વિડિયો કોલ સુરક્ષિત રહે છે. વિશ્વભરમાં ૨ અબજથી વધુ લોકો તેનો ઉપયોગ કરે છે, જ્યારે ભારતમાં આશરે ૫૦૦ મિલિયનથી વધુ વપરાશકર્તાઓ સાથે તે રોજિંદા જીવનનો અભિન્ન ભાગ બની ગઈ છે.રશિયામાં પ્રતિબંધનું મુખ્ય કારણ એ બતાવવામાં આવ્યું છે કે કંપનીએ રશિયન કાયદા મુજબ વપરાશકર્તાઓનો ડેટા સ્થાનિક સર્વરો પર સંગ્રહ કરવાનો ઈનકાર કર્યો હતો. રશિયન ટેલિકોમ નિયામક રોસ્કોમનાડ્ઝોએ વોટ્સએપના વેબ સરનામાંઓને રાષ્ટ્રીય ડોમેન સિસ્ટમમાંથી દૂર કરી દીધા છે, જેના કારણે **VPN** વિના એપ ઍક્સેસ કરવી મુશ્કેલ બની ગઈ છે. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવએ જણાવ્યું હતું કે કંપની રશિયન કાયદાનું પાલન કરવા તૈયાર નથી. ૨૦૨૨માં રશિયાએ **Meta Platfroms**ને ''ઉગ્રવાદી સંગઠન'' તરીકે જાહેર કર્યું હતું, ત્યારથી **Facebook** અને **Instagram** જેવી સેવાઓ પર પહેલાથી જ પ્રતિબંધ લાગુ છે.સરકારનો દાવો છે કે વોટ્સએપ છેતરપિંડી, નાણાકીય ફ્રોડ અને ગેરમાર્ગે દોરતી માહિતી ફેલાવવા માટે વપરાય છે. બીજી તરફ કંપનીનો દાવો છે કે તેની એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન પદ્ધતિ વપરાશકર્તાની ગોપનીયતા સુરક્ષિત રાખે છે અને તે વ્યક્તિગત ચેટ વાંચતી નથી. નિષ્ણાતો માને છે કે આ નિર્ણય માહિતી પર વધુ નિયંત્રણ મેળવવા અને લોકોને રાજ્ય-વિકસિત એપ તરફ વાળવા માટે લેવામાં આવ્યો હોઈ શકે છે.રશિયામાં **"Max"** નામની રાજ્ય-વિકસિત એપને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે, જે મેસેજિંગ સાથે સરકારી સેવાઓ અને પેમેન્ટ સુવિધાઓ જોડે છે. તેની સરખામણી ચીનની **WeChat** સાથે કરવામાં આવે છે. સાથે જ **Telegram** પણ રશિયામાં લોકપ્રિય છે, જેના સ્થાપક પાવેલ દુરોવએ રાજ્ય દેખરેખ અંગે ચિંતા વ્યક્ત કરી છે.૨૦૨૨માં યુક્રેન પર રશિયાના આક્રમણ બાદ ડિજિટલ નિયંત્રણો વધુ કડક બન્યા છે. રશિયા ''સ્વદેશી ઈન્ટરનેટ'' મોડલ તરફ આગળ વધી રહ્યું છે, જેમાં વિદેશી પ્લેટફોર્મ પર નિર્ભરતા ઘટાડવાનો પ્રયત્ન થાય છે. ટીકાકારો માને છે કે આ પગલાં માહિતી પર રાજ્યના કાબૂને મજબૂત બનાવે છે.ભારતમાં હાલમાં વોટ્સએપ પર કોઈ પ્રતિબંધ નથી. છતાં **Telegram, Signal** અને **Google Messages** જેવા વિકલ્પો ઉપલબ્ધ છે. ભારત સરકારે ડેટા લોકલાઈઝેશન માટે **IT** નિયમો અમલમાં મૂક્યા છે, છતાં વોટ્સએપ દેશમાં સૌથી લોકપ્રિય મેસેજિંગ એપ તરીકે યથાવત છે. ઉપસંહારમાં કહી શકાય કે રશિયામાં વોટ્સએપ પર પ્રતિબંધ માત્ર ટેકનોલોજીનો મુદ્દો નથી; તે રાજ્ય નિયંત્રણ અને વ્યક્તિગત સ્વતંત્રતા વચ્ચેની સ્પષ્ટ ટકરાવની નિશાની છે. સુરક્ષા અને ગોપનીયતા વચ્ચેનું સંતુલન ડિજિટલ યુગમાં સૌથી મોટો પ્રશ્ન બની રહ્યો છે.

# પરંપરાગત સંસ્કૃતિ અને આધુનિકતાનો અનોખો સંગમ એટલે જાપાન



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

જાપાન પૂર્વ એશિયામાં આવેલો એક દ્વીપ દેશ છે, જે ચાર મુખ્ય ટાપુઓ હોન્શૂ, હોક્કાઇડો, ક્યુશૂ અને શિકોકુથી બનેલો છે. તેની રાજધાની ટોક્યો વિશ્વના સૌથી મોટા અને વિકસિત શહેરોમાંથી એક છે. જાપાનની ઓળખ તેની અનોખી સંસ્કૃતિ, પ્રાચીન પરંપરાઓ અને અતિ આધુનિક ટેક્નોલોજીના સુમેળ માટે થાય છે. જાપાનનો ઈતિહાસ હજારો વર્ષ જૂનો છે. સમુરાઈ સંસ્કૃતિ, શિન્તો અને બૌદ્ધ ધર્મનો પ્રભાવ, ચા સમારોહ, કિમોનો, અને ચેરી બ્લોસમ જેવી પરંપરાઓ આજે પણ જીવંત છે. બીજી બાજુ, જાપાન ઈલેક્ટ્રોનિક્સ, ઓટોમોબાઈલ અને રોબોટિક્સ ક્ષેત્રમાં વૈશ્વિક નેતા તરીકે ઓળખાય છે. વિશ્વયુદ્ધ બાદ જાપાનને ભારે વિનાશનો સામનો કરવો પડ્યો હતો. ખાસ કરીને હિરોશિમા અને નાગાસાકી પર પડેલા પરમાણુ બોમ્બે દેશને ઝંઝોડી નાખ્યો હતો. છતાં પણ જાપાનીઓએ હિંમત હારી નહીં. તેમણે પોતાના પર વિશ્વાસ રાખીને દેશનું પુનર્નિર્માણ કર્યું. જાપાનમાં શિક્ષણ પ્રણાલી અત્યંત મજબૂત છે. લોકો મહેનત, સમયપાલન અને શિસ્ત માટે જાણીતા છે. અહીંના લોકો સામૂહિક જવાબદારી અને રાષ્ટ્રપ્રેમને અગત્યનું માનતા આવ્યા છે. જાપાન એક બંધારણીય રાજાશાહી છે જ્યાં સમ્રાટ પ્રતિકાત્મક ભૂમિકા ભજવે છે અને વાસ્તવિક સત્તા વડાપ્રધાન અને સંસદ પાસે હોય છે.આ રીતે જાપાન માત્ર એક દેશ નથી, પરંતુ સંસ્કૃતિ, શિસ્ત અને ટેક્નોલોજીનું પ્રતિક છે. જાપાનનો ઝડપી વિકાસ કેમ થયો તેની વાત ખૂબ જ રસપ્રદ છે જાપાનના ઝડપી વિકાસ પાછળ અનેક પરિબળો જવાબદાર રહ્યા છે. વિશ્વયુદ્ધ પછી દેશ સંપૂર્ણપણે તબાહ થયો હતો, પરંતુ થોડા જ દાયકામાં તેણે વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે સ્થાન મેળવ્યું. સૌથી પ્રથમ કારણ છે શિક્ષણ અને માનવ સંસાધન. જાપાને શિક્ષણને રાષ્ટ્રીય પુનર્નિર્માણનું મુખ્ય સાધન બનાવ્યું. ટેક્નિકલ શિક્ષણ અને સંશોધન પર વિશેષ ભાર મૂકાયો. પરિણામે કુશળ અને તાલીમ પ્રાપ્ત કાર્યબળ ઉભું થયું. બીજું મહત્વપૂર્ણ કારણ છે ઉદ્યોગ અને ટેક્નોલોજી. જાપાને ગુણવત્તાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી. ''મેડ ઈન જાપાન'' વિશ્વસનીયતા અને ટકાઉપણુંનું પ્રતિક બની ગયું. ટોયોટા, સોની અને પેનાસોનિક જેવી કંપનીઓએ વૈશ્વિક બજારમાં આગવી ઓળખ બનાવી. ઓટોમોબાઈલ, ઈલેક્ટ્રોનિક્સ અને મશીનરી ક્ષેત્રે જાપાન આગળ રહ્યું. ત્રીજું કારણ છે સરકાર અને ખાનગી ક્ષેત્ર વચ્ચેનો સહયોગ. ઔદ્યોગિક નીતિઓ, નિકાસ આધારિત વિકાસ અને નવીનતાને પ્રોત્સાહન આપતી નીતિઓએ અર્થતંત્રને ગતિ આપી. ચોથું કારણ છે સામાજિક મૂલ્યો. જાપાનમાં ટીમવર્ક, શિસ્ત અને લાંબા ગાળાની દ્રષ્ટિ પર ભાર મૂકાય છે. કર્મચારીઓ કંપની પ્રત્યે નિષ્ઠાવાન રહે છે અને સતત સુધારાની પ્રક્રિયા અપનાવે છે. ''કાઈઝન'' જેવી કાર્યપદ્ધતિએ ઉત્પાદન ક્ષમતા વધારી. પાંચમું કારણ છે આંતરરાષ્ટ્રીય સંબંધો. વિશ્વયુદ્ધ પછી જાપાને શાંતિપૂર્ણ નીતિ અપનાવી અને આર્થિક વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. અમેરિકાની સાથેના સંબંધો અને વૈશ્વિક બજારોમાં પ્રવેશથી નિકાસ વધારવામાં મદદ મળી. છઠ્ઠું કારણ છે સંશોધન અને નવીનતા. રોબોટિક્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને હાઈ-સ્પીડ ટ્રેનો જેવા ક્ષેત્રોમાં જાપાન સતત આગળ રહ્યું. શિંકાન્સેન બુલેટ ટ્રેન તેનું ઉત્તમ ઉદાહરણ છે. આ તમામ પરિબળોના સંયોજનથી જાપાન એક ખંડેરમાંથી ઊભો થઈ વૈશ્વિક શક્તિ દેશ બન્યો. જાપાનમાં વાસ્તવિકતાનો નવો યુગ શરૂ થઈ ચૂક્યો છે તાજેતરની ચૂંટણીમાં સના તાકાઈચીની ભવ્ય જીતે જાપાનની રાજનીતિમાં એક નવો અધ્યાય શરૂ કર્યો છે. આ વિજયને ''ભૂસ્ખલન'' તરીકે વર્ણવવામાં આવ્યો છે, પરંતુ તેની અસર માત્ર ચૂંટણી પરિણામ પૂરતી મર્યાદિત નથી. આ જીત જાપાનમાં વાસ્તવિકતાને સ્વીકારવાના નવા યુગની શરૂઆત દર્શાવે છે. તાકાઈચીને મળેલી ભારે બહુમતી તેમને સંસદના નીચલા ગૃહમાં મજબૂત સત્તા આપે છે. હવે તેઓ કાયદાકીય સુધારા ઝડપથી અમલમાં મૂકી શકે છે. પરંતુ આ જીતનો સાચો અર્થ નીતિગત ફેરફારો કરતાં વધુ ઊંડો છે. જાપાન લાંબા સમયથી શાંતિવાદી નીતિઓ અપનાવતું આવ્યું છે. વૈશ્વિક રાજકીય પરિસ્થિતિ બદલાઈ રહી છે. અમેરિકા અને ચીન વચ્ચે વધતી સ્પર્ધા, એશિયામાં સુરક્ષા સંબંધિત પડકારો અને આર્થિક અનિશ્ચિતતાઓએ જાપાનને નવી દિશા શોધવા પ્રેર્યું છે. તાકાઈચીનો સંદેશ સ્પષ્ટ છે કે જાપાને પોતાની શક્તિઓ પર વિશ્વાસ રાખવો જોઈએ. દેશે વર્ષો સુધી ઓછું રોકાણ કર્યું છે અને જોખમ લેતા ડરતું હતું. હવે સમય આવી ગયો છે કે જાપાન પોતાના ટેક્નોલોજીકલ અને માનવ સંસાધનના બળને સંપૂર્ણ રીતે ઉપયોગમાં લઈ રહ્યું છે. આ નવા યુગમાં આર્થિક સુધારા, કર પ્રણાલી સુધારણા, રાષ્ટ્રીય સુરક્ષા મજબૂત બનાવવી અને બંધારણીય ચર્ચાઓ જેવા મુદ્દાઓ મહત્વના બનશે. વૈશ્વિક સ્તરે જાપાનને હવે વધુ સ્પષ્ટ અને દૃઢ વલણ અપનાવવું પડશે. આ પરિવર્તન સરળ નહીં હોય. વસ્તી ઘટતી જવી, વૃદ્ધ જનસંખ્યા અને સ્પર્ધાત્મક વૈશ્વિક બજાર જેવા પડકારો છે. તેમ છતાં, મતદારોનો આદેશ એ દર્શાવે છે કે જાપાન પરિવર્તન માટે તૈયાર છે. આ રીતે સના તાકાઈચીની જીત માત્ર રાજકીય ઘટના નથી, પરંતુ જાપાન માટે વાસ્તવિકતા, આત્મવિશ્વાસ અને નવા પ્રયોગોના યુગની શરૂઆત છે. જો આ દિશામાં સફળતા મળે, તો જાપાન ફરી એકવાર વિશ્વ માટે પ્રેરણાસ્ત્રોત બની શકે છે.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૮૦ | ૧૫૯૬ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૫૩૫ | ૫૮૦ |
| જુવાર સફેદ | ૧૦૦૦ | ૧૨૨૮ |
| બાજરી | ૨૦૦ | ૩૮૭ |
| મકાઇ | ૨૭૦ | ૩૭૦ |
| તુવેર | ૧૦૭૫ | ૧૬૧૧ |
| ચણા પીળા | ૯૨૦ | ૧૦૭૦ |
| ચણા સફેદ | ૧૦૪૦ | ૧૭૦૦ |
| અડદ | ૯૦૦ | ૧૬૧૫ |
| મગ | ૮૦૦ | ૧૮૦૦ |
| વાલ દેશી | ૯૫૪ | ૧૨૪૦ |
| ચોળી | ૮૨૫ | ૧૧૪૦ |
| વટાણા | ૬૦૦ | ૧૩૮૪ |
| રાજમા | ૯૦૦ | ૧૭૭૫ |
| મગફળી જાડી | ૧૩૬૦ | ૧૫૭૦ |
| મગફળી જીણી | ૧૪૦૫ | ૧૫૭૭ |
| તલી | ૧૪૫૦ | ૨૧૭૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૭૨ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૧૮ |
| સીંગફાડા | ૧૦૬૦ | ૧૭૯૦ |
| કાળા તલ | ૩૦૦૦ | ૪૨૦૦ |
| લસણ | ૯૫૦ | ૧૫૦૦ |
| ધાણા | ૧૪૬૫ | ૨૦૬૦ |
| મરચા સુકા | ૩૦૦૦ | ૪૯૦૦ |
| ધાણી | ૧૫૭૦ | ૨૩૫૦ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૬૭૦ |
| રાય | ૧૦૫૦ | ૧૩૫૦ |
| મેથી | ૯૫૦ | ૧૩૯૬ |
| ઇસબગુલ | ૨૪૦૦ | ૨૪૦૦ |
| અશેરીયો | ૧૧૫૦ | ૧૧૫૦ |
| કલોંજી | ૨૮૦૦ | ૪૬૦૦ |
| રાયડો | ૯૫૦ | ૧૨૩૦ |
| ગુવારનું બી | ૯૫૦ | ૧૦૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૩૩૬ | ૮૧૬ |
| પપૈયા | ૮૫ | ૧૪૫ |
| બટેટા | ૮૯ | ૨૦૩ |
| ડુંગળી સુકી | ૭૧ | ૨૭૫ |
| ટમેટા | ૧૧૨ | ૨૦૯ |
| સુરણ | ૭૮૩ | ૯૧૩ |
| કોથમરી | ૧૦૬ | ૧૬૪ |
| સકરીયા | ૫૧૧ | ૬૦૭ |
| મુળા | ૩૫૯ | ૪૧૩ |
| રીંગણા | ૬૦૩ | ૭૮૮ |
| કોબીજ | ૭૮ | ૧૦૪ |
| ફ્લાવર | ૨૧૨ | ૩૨૪ |
| ભીંડો | ૭૭૯ | ૧૦૨૧ |
| ગુવાર | ૧૩૩૮ | ૧૮૨૨ |
| ચોળાસીંગ | ૭૭૬ | ૧૦૮૭ |
| વાલોળ | ૩૨૬ | ૪૩૫ |
| ટીંડોળા | ૪૪૨ | ૯૨૭ |
| દુધી | ૨૧૭ | ૩૯૨ |
| કારેલા | ૮૬૩ | ૧૧૧૨ |
| સરગવો | ૬૪૭ | ૧૨૨૫ |
| તુરીયા | ૮૧૭ | ૧૦૭૩ |
| પરવર | ૧૫૧૮ | ૧૯૨૫ |
| કાકડી | ૩૩૧ | ૪૪૬ |

| | | |
|---|---|---|
| ગાજર | ૨૧૪ | ૩૨૭ |
| વટાણા | ૨૦૭ | ૫૬૨ |
| તુવેરસીંગ | ૫૨૬ | ૬૫૬ |
| ગલકા | ૪૧૨ | ૬૭૩ |
| બીટ | ૧૪૮ | ૨૧૧ |
| મેથી | ૧૫૩ | ૧૯૯ |
| વાલ | ૬૮૮ | ૭૯૮ |
| ડુંગળી લીલી | ૨૮૭ | ૩૭૯ |
| આદુ | ૧૦૧૩ | ૧૨૨૪ |
| ચણા લીલા | ૧૧૯ | ૨૫૮ |
| મરચા લીલા | ૪૨૩ | ૫૩૯ |
| હળદર લીલી | ૩૯૧ | ૬૭૮ |
| લસણ લીલું | ૬૩૩ | ૯૮૧ |
| મકાઇ લીલી | ૧૬૪ | ૩૦૭ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૬૬ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૫૨૮ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૧૮ |
| મગફળી જીણી | ૧૧૬૧ | ૧૫૦૧ |
| સિંગ ફાડીયા | ૮૪૧ | ૧૬૦૧ |
| એરંડા / એરંડી | ૧૦૦૦ | ૧૩૦૧ |
| જીરૂ | ૨૮૦૦ | ૪૬૮૧ |
| લસણ સુકું | ૭૦૧ | ૧૭૫૧ |
| ડુંગળી લાલ | ૮૧ | ૨૯૧ |
| અડદ | ૭૫૧ | ૧૬૨૧ |
| મઠ | ૪૬૧ | ૧૦૪૧ |
| તુવેર | ૧૦૧૧ | ૧૫૯૧ |
| રાયડો | ૯૧૧ | ૧૧૫૧ |
| મેથી | ૭૬૧ | ૧૨૬૧ |
| કાંગ | ૩૦૦ | ૬૧૧ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૫૭૬ |
| સફેદ ચણા | ૧૦૫૬ | ૧૭૮૧ |
| મગફળી ૬૬ | ૧૨૦૦ | ૧૭૪૧ |
| તલ - તલી | ૧૩૦૦ | ૨૧૪૧ |
| ડુંગળી સફેદ | ૨૧૧ | ૨૮૧ |
| બાજરો | ૨૧૧ | ૩૮૧ |
| જુવાર | ૪૩૧ | ૧૧૬૧ |
| મકાઇ | ૩૧૧ | ૪૩૧ |
| મગ | ૭૮૧ | ૧૮૫૧ |
| ચણા | ૯૦૧ | ૧૦૭૬ |
| વાલ | ૮૧૧ | ૯૦૧ |
| સોયાબીન | ૧૦૨૧ | ૧૧૦૧ |
| રજકાનું બી | ૬૨૦૧ | ૬૨૦૧ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૨૪૧ |
| વટાણા | ૮૦૧ | ૧૦૨૬ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૬૦ | ૩૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૪૦ | ૨૦૦ |
| દુધી | ૬૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૪૦ | ૩૦૦ |
| કાકડી | ૨૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૧૮૦ | ૫૦૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૬૦૦ |
| તુવેર | ૧૮૦ | ૬૦૦ |

| | | |
|---|---|---|
| વાલ | ૨૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૨૦૦ | ૭૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૬૪૦ |
| બટેટા | ૧૦૦ | ૨૪૦ |
| અંબાળા | ૪૦૦ | ૬૦૦ |
| લીલી હળદર | ૪૦૦ | ૭૦૦ |
| ડુંગળી પુરા | ૨ | ૬ |
| કોથમીર પુરા | ૧ | ૩ |
| મૂળા પુરા | ૨ | ૮ |
| ફોદીનો પુરા | ૨ | ૫ |
| પચકારુ | ૩૦૦ | ૫૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૦૦૦ |
| મેથી પુરા | ૧ | ૪ |
| બીટ પુરા | ૫ | ૧૨ |
| સરગવો પુરા | ૧૫ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૧૧૦૦ |
| વાલોર | ૧૦૦ | ૪૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૩૪૦ |
| ફણશી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| મકાઈ ડોડા | ૧૮૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૩ | ૧૫ |
| પાલક પુરા | ૧ | ૩ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૪૪૫ | ૧૪૭૫ |
| શીંગ ગીરનાર | ૧૦૦૦ | ૧૫૨૦ |
| શિંગ મોટી | ૧૨૦૦ | ૧૫૩૦ |
| શિંગદાણા | ૧૩૦૦ | ૨૦૪૦ |
| શિંગદાણા ફાડા | ૧૮૧૫ | ૨૦૭૫ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૨૩૨૫ |
| તલ કાળા | ૧૭૦૦ | ૩૮૦૦ |
| જુવાર | ૪૦૦ | ૧૧૮૦ |
| ઘઉં ટુકડા | ૪૧૫ | ૫૭૦ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૫૪૫ |
| મગ | ૫૦૦ | ૬૦૦ |
| ચણા | ૭૯૦ | ૧૦૬૫ |
| ચણા દેશી | ૧૦૮૦ | ૧૦૮૦ |
| સફેદ ચણા | ૬૮૦ | ૧૧૦૦ |
| તુવેર | ૭૨૦ | ૧૫૯૫ |
| વાલ | ૧૧૦૫ | ૧૧૦૫ |
| કપાસ | ૯૨૫ | ૧૬૧૦ |
| એરંડા | ૧૧૨૦ | ૧૨૬૫ |
| જીરૂ | ૨૦૦૦ | ૪૦૯૦ |
| રાયડો | ૧૦૧૦ | ૧૦૧૫ |
| ધાણા | ૧૪૪૦ | ૨૦૭૫ |
| ધાણી | ૧૪૦૦ | ૨૦૭૫ |
| અજમા | ૧૬૦૦ | ૨૪૫૦ |
| સોયાબીન | ૯૯૫ | ૧૦૪૫ |
| મરચા લાંબા | ૧૫૦૦ | ૭૦૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૫૦ | ૨૨૦ |
| રીંગણા | ૫૦૦ | ૭૫૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૨૧૦ |
| શકકરીયા | ૫૦૦ | ૬૦૦ |
| ટમેટાં | ૧૦૦ | ૨૦૦ |
| સુરણ | ૮૦૦ | ૯૫૦ |
| ગાજર | ૨૧૦ | ૪૧૦ |


| | | |
|---|---|---|
| દુધી | ૨૨૦ | ૩૧૦ |
| કારેલા | ૭૦૦ | ૮૦૦ |
| ગલકા | ૫૨૦ | ૬૩૦ |
| મૂળા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૨૦૦ | ૫૨૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૨૦૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૩૫૦ |
| વટાણા | ૫૦૦ | ૬૦૦ |
| ચોળા લીલા | ૯૩૦ | ૧૦૨૦ |
| તુરીયા | ૭૩૦ | ૮૨૦ |
| આમળા | ૮૦૦ | ૯૫૦ |
| ચણા લીલાં | ૮૦૦ | ૯૩૦ |
| ભીંડો | ૭૦૦ | ૯૨૦ |
| તુવેર | ૪૦૦ | ૫૫૦ |
| આદુ | ૧૦૮૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૧૫૦ | ૨૫૦ |
| મેથીભાજી | ૨૨૦ | ૨૬૦ |
| ફોદીનો | ૬૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૯૪૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| વાલ | ૫૦૦ | ૫૮૦ |
| સરગવો | ૬૦૦ | ૧૦૩૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૨૨૦ |
| મરચાં લીલાં | ૫૨૦ | ૧૦૦૦ |
| મરચાં લાલ | ૧૧૦૦ | ૧૩૨૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૩૨૦ |
| લસણ લીલું | ૬૩૦ | ૯૦૦ |
| લસણ સુકું | ૧૧૦૦ | ૨૦૦૦ |
| પાલક | ૩૦૦ | ૪૧૦ |
| લીબુ | ૬૫૦ | ૭૫૦ |
| મકાઈ | ૨૪૦ | ૩૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૩૦૦ | ૧૫૦૦ |
| શીંગ મોટી | ૧૩૫૦ | ૧૫૩૦ |
| તલ સફેદ | ૧૭૪૦ | ૨૦૦૬ |
| તલ કાળા | ૩૨૦૦ | --- |
| જીરૂ | ૪૦૦૦ | ૪૨૫૦ |
| કપાસ | ૧૩૫૦ | ૧૬૧૧ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૫૩૫ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૫ |
| બાજરો | ૩૦૦ | ૬૦૧ |
| જુવાર | ૬૦૦ | ૯૫૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૩૦ |
| ચણા | ૯૧૦ | ૧૦૫૨ |
| તુવેર | ૧૩૦૦ | ૧૬૦૪ |
| ધાણા | ૧૬૦૦ | ૨૩૦૧ |
| **ધારી** | | |
| કપાસ | ૧૨૯૫ | ૧૫૦૯ |
| ઘઉં | ૪૨૫ | ૫૦૫ |
| તુવેર સફેદ | ૧૦૦૫ | ૧૫૨૬ |
| સોયાબીન | ૧૦૦૫ | ૧૦૦૫ |
| અડદ | ૧૧૬૫ | ૧૪૫૧ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૬૦૧ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૨૫ |
| ધાણા | ૧૩૦૦ | ૧૫૮૦ |
| તલ સફેદ | ૧૬૩૦ | ૨૦૨૫ |
| સોયાબીન | ૮૬૦ | ૧૦૫૨ |

| | | |
|---|---|---|
| મગફળી | ૧૦૪૦ | ૧૨૮૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૪૮૦ |
| શીંગ દાણા | ૧૪૨૫ | ૧૫૨૦ |
| જુવાર | ૭૧૫ | ૭૧૫ |
| એરડી | ૧૦૯૫ | ૧૦૯૫ |
| મગ | ૧૦૦૦ | ૧૧૭૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૪૨૦ | ૧૬૩૦ |
| કપાસ મીડીયમ | ૧૨૧૦ | ૧૩૬૦ |
| મગફળી | ૧૨૧૦ | ૧૫૦૦ |
| જીરૂ | ૩૨૨૯ | ૪૦૮૧ |
| ચણા | ૯૭૫ | ૧૦૬૫ |
| ઘઉં | ૪૮૫ | ૫૨૫ |
| તુવેર | ૧૧૨૦ | ૧૪૬૦ |
| ધાણા | ૧૨૬૫ | ૧૭૨૫ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૩૦ |
| કપાસ સી ગ્રેડ | ૬૨૦ | ૯૬૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૮૬ |
| ઘઉં | ૪૦૧ | ૫૬૧ |
| ચણા | ૮૦૧ | ૧૦૩૬ |
| અડદ | ૯૦૧ | ૧૨૬૬ |
| તુવેર | ૯૦૧ | ૧૫૮૧ |
| મગફળી | ૧૦૦૧ | ૧૪૫૬ |
| શીંગ દાણા | ૧૪૦૧ | ૧૭૦૧ |
| શીંગ ફાડા | ૧૨૦૧ | ૧૫૫૬ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૧૮૩૬ |
| ધાણા | ૧૦૦૧ | ૨૦૫૧ |
| સોયાબીન | ૮૦૧ | ૧૦૧૧ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૩૫૦ | ૧૪૮૩ |
| શીંગ ૩૨ | ૧૨૭૨ | ૧૪૧૦ |
| શીંગ ૩૯ | ૧૨૨૧ | ૧૩૨૭ |
| શીંગ જી-૨૦ | ૧૩૪૧ | ૧૫૬૬ |
| એરંડા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| જુવાર | ૬૦૦ | ૧૦૨૧ |
| બાજરી | ૩૬૧ | ૬૬૫ |
| ઘઉં ટુકડા | ૪૫૯ | ૬૦૪ |
| અડદ | ૧૨૫૬ | ૧૩૫૦ |
| મગ | ૭૯૦ | ૨૭૦૦ |
| સોયાબીન | ૧૦૭૬ | ૧૦૭૬ |
| તલ સફેદ | ૧૮૦૭ | ૧૯૪૦ |
| તુવેર | ૧૧૩૫ | ૧૬૦૦ |

| | | |
|---|---|---|
| અજમા | ૧૮૫૬ | ૧૮૫૬ |
| ડુંગળી લાલ | ૧૦૦ | ૨૮૦ |
| ડુંગળી સફેદ | ૨૧૦ | ૩૧૫ |
| ડુંગળી સફેદ એકસ.૩૧૬ | | ૫૫૪ |
| કપાસ શંકર | ૫૦૦ | ૧૪૪૨ |
| નાળીયેર | ૫૦૦ | ૨૯૩૩ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૧૫૦ | ૧૫૦૧ |
| મગફળી ૩૨ નં. | ૧૧૧૦ | ૧૪૧૧ |
| બાજરો હાઈબ્રીડ | ૩૨૫ | ૬૨૦ |
| ઘઉં | ૪૨૫ | ૫૪૪ |
| રાઈ | ૧૦૦૦ | ૧૧૪૬ |
| રાયડો | ૮૫૦ | ૧૦૫૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૬૨૦ |
| જુવાર | ૯૦૦ | ૧૨૪૪ |
| અડદ | ૧૦૦૦ | ૧૭૧૮ |
| ચણા | ૯૦૦ | ૧૧૩૧ |
| જા.તલ | ૧૮૦૦ | ૨૧૦૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૦૧ |
| ધાણા | ૧૨૦૦ | ૧૭૩૮ |
| **જામનગર** | | |
| બાજરો | ૪૦૦ | ૪૩૫ |
| ઘઉં | ૪૦૦ | ૪૯૭ |
| અડદ | ૧૧૦૦ | ૧૩૪૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૭૫ |
| ચોળી | ૫૩૫ | ૧૨૭૦ |
| વાલ | ૩૦૦ | ૧૨૭૦ |
| મકાઇ | ૨૦૦ | ૩૬૦ |
| ચણા | ૯૩૫ | ૧૦૭૬ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૬૪૫ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૪૮૦ |
| રાયડો | ૯૫૦ | ૧૨૩૫ |
| લસણ | ૯૫૦ | ૧૩૮૦ |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૮૫ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૩૦૫ |
| અજમો | ૧૫૦૦ | ૪૯૧૫ |
| અમજમાની ભૂસી | ૧૦૦ | ૨૬૦૦ |
| ધાણા | ૧૧૫૦ | ૨૨૩૦ |
| મરચા | ૧૨૦૦ | ૬૮૦૦ |
| ડુંગળી | ૫૦ | ૨૬૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૫૮ |
| વટાણા | ૯૯૦ | ૧૩૧૫ |

....જીપ્સમ....
ખેતીની જમીન માટે
લુઝ ટ્રક લોડીંગ ચાલુ
૨૮ થી ૪૦ ટન સુધી
--:: સંપર્ક ::--
૯૪૨૬૯ ૮૯૫૭૬

## શબ્દ સંજોગ-૨૧૪૯



**આડી ચાવી :**
(૧) એક ફૂલ (૪)
(૫) આખા ઘામાંથી એક કાગળ (૨)
(૭) પેટમાનું મોટું આંતરડું (૨)
(૮) બાળકને સુવાડવા માટે ગવાતુ ગીત (૪)
(૯) સાતની સંજ્ઞા (૨)
(૧૧) ઉચાણનો પ્રદેશ (૨)
(૧૨) એક મીઠી વાનગી (૫)
(૧૬) સુંદર સ્ત્રી (૨)
(૧૭) આવડેલુ,જ્ઞાન (૪)
(૧૯) ધૂળ (૩)
(૨૧) બીક,ધાક (૩)
(૨૩) ભેળસેળ,મિશ્રણ (૩)
(૨૫) સંકલ્પ-વિકલ્પ કરતી ઈન્દ્રિય (અ) (૨)
(૨૬) રહેઠાણ (૪)
(૨૭) સભ્યતા,વિવેક (૩)
(૨૮) સહેજ ઈશારો (૩)

**ઉભી ચાવી :**
(૧) ઉત્તર ગુજરાતનું એક શહેર (૫)
(૨) જીવ,પ્રાણ (૨)
(૩) એક તેલી બી (૨)
(૪) પ્રીતિ,લાડ (૩)
(૫) તારવી કાઢેલુ તે (૩)
(૬) મુખ્ય,મોટું (૨)
(૧૦) ચોમાસામાં..... ભજીયા ખાવાની મજા પડે. (૬)
(૧૧) બાગ-બગીચાની સંભાળ રાખનાર (૨)
(૧૩) એક ધાતુ (૩)
(૧૪) વૃતિ,લાગણી (૨)
(૧૫) રીત,પ્રકાર (૨)
(૧૭) આબાદી (૨)
(૧૮) નશો કર્યા પછી ખવાતી ચીજ (૩)
(૨૦) હસ્ત,જકાત (અ) (૨)
(૨૧) નાચવાનો અવાજ (૩)
(૨૨) મોટો માણસ (૩)
(૨૩) દુઃખ,આફત (૩)
(૨૪) લખેલૂં ભૂસે (૩)
(૨૬) બાતલ કરેલું,નકામું (૨)

## શબ્દ સંજોગ-૨૧૪૮ જવાબ

**આડી ચાવીઃ** (૧) ગોદાવરી (૩) શીરગર (૫) નાંદ (૬) દાથરો (૮) માચીસ (૧૦) સરસ (૧૨) નાસપાતી (૧૪) રંજન (૧૬) પાઠ (૧૭) ભાન (૧૯) હાનિ (૨૦) આવજા (૨૧) કંથ (૨૨) અકરામ (૨૪) દાગ (૨૫) કાંત.
**ઉભી ચાવીઃ** (૧) ગોવિંદા (૨) વર્તારો (૩) શીદ (૪) ગળેચી (૫) નાંગર (૭) થર્મોસ (૯) સર્વ (૧૦) સતી (૧૧) સરંઠ (૧૨) નાળ (૧૩) પાણિનિ (૧૫) નભાવ (૧૬) પાઠક (૧૮) નજાકત (૧૯) હાથ (૨૦) આમ (૨૧) કંજ (૨૨) અગ (૨૩) રાષ્ટ્ર.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# દિલ્હી ડેરી ઈન્ડસ્ટ્રી કોન્ફરન્સ-૨૦૨૬માં અમરેલીના સેન્ટર ઓફ એક્સેલન્સને રાષ્ટ્રીય સ્તરે બિરદાવાયું

અમરેલી, તા.૧૩

દિલ્હીમાં યોજાયેલી **Dairy Industry Conference & Exhibition**–૨૦૨૬માં દેશ-વિદેશના ડેરી ક્ષેત્રના આગેવાનોની હાજરી વચ્ચે અમરેલી ખાતે સ્થાપિત "સેન્ટર ઓફ એક્સેલન્સ"ને વિશેષ પ્રસંસા મળી. કાર્યક્રમમાં કેન્દ્રીય ખાદ્ય પ્રોસેસિંગ ઉદ્યોગ મંત્રી ચિરાગ પાસવાન, કેન્દ્રીય મત્સ્ય, પશુપાલન અને ડેરી રાજ્ય મંત્રી પ્રોફ. એસ.પી. સિંહ બઘેલ, ઈન્ડિયન ડેરી ફેડરેશનના ચેરમેન સુધિરકુમાર સિંહ, ઈન્ટરનેશનલ ડેરી ફેડરેશનના પ્રતિનિધિઓ, તેમજ નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડના અધ્યક્ષ મીનેશ શાહ હાજર રહ્યા હતા. તેમજ **GCMMF (Amul)**ના ચેરમેન અશોકભાઈ ચૌધરી, મેનેજિંગ ડિરેક્ટર જયેન મહેતા અને ભૂતપૂર્વ એમ.ડી.



ડૉ. આર.એસ. સોઢી સહિત ઉદ્યોગજગતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કોન્ફરન્સ દરમિયાન અમરેલીના સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે ગીર જાતિના સંવર્ધન માટે અપનાવવામાં આવતી આધુનિક અને વૈજ્ઞાનિક



પદ્ધતિઓની વિશેષ પ્રશંસા કરવામાં આવી. અહીં જન્મેલી ગીર વાછરડીને પશુપાલન ક્ષેત્રે નવી આશા અને પ્રગતિનું પ્રતિક ગણાવવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં દૂધ અને દૂધ ઉત્પાદનોના આયાત-નિકાસ, ગુણવત્તા સુધારણા અને આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતીય ડેરી ઉત્પાદનોને મજબૂત સ્થાન અપાવવા માટેની નીતિઓ પર વિસ્તૃત ચર્ચા થઈ. દૂધ ઉત્પાદન વધારવા માટે જિનેટિક સુધારણા, ઉત્તમ ચારો વ્યવસ્થાપન, પશુ આરોગ્ય સેવાઓ અને આધુનિક ટેકનોલોજીના ઉપયોગ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ગીર જેવી સ્વદેશી જાતિના સંવર્ધન દ્વારા ખેડૂતો અને પશુપાલકોની આવકમાં વધારો થાય અને આત્મનિર્ભર ભારતના સ્વપ્નને વેગ મળે તે માટે આવી પહેલ મહત્વપૂર્ણ ગણાઈ. અમરેલી માટે ગૌરવની બાબત છે કે રાષ્ટ્રીય સ્તરે માર્ગદર્શન આપતું આ સેન્ટર અહીં સ્થાપિત થયું છે, જે ગ્રામિણ આર્થિક વિકાસ માટે મજબૂત આધારરૂપ સાબિત થશે.

**દેશ-વિદેશના ડેરી ક્ષેત્રના આગેવાનોની હાજરી વચ્ચે અમર ડેરીના ચેરમેન અશ્વિન સાવલીયા હાજર, અમરેલી માટે ગૌરવની બાબત**

# મોટી કુંકાવાવ ખાતે વિવિધ વિકાસ કામોનું રાજયમંત્રીના હસ્તે લોકાર્પણ

અમરેલી,તા.૧૩

મોટી કુંકાવાવને વોટર ફિલ્ટર પ્લાન્ટ, નવનિર્મિત સરદાર સર્કલ, પાણીનો સંપ, શ્રી કૈલાશ મોક્ષધામ નવીનીકરણ સહિતના વિવિધ વિકાસકામોની ભેટ મળી છે. રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે વિવિધ વિકાસકામોનું લોકાર્પણ



કરવામાં આવ્યુ હતુ. મોટી કુંકાવાવ ખાતે પીવાના શુદ્ધ પાણીની સુવિધા સહિતના વિવિધ વિકાસ પ્રકલ્પો માટે દાતાનો સહયોગ મળતા વોટર ફિલ્ટર પ્લાન્ટ બનાવવામાં આવ્યો છે. ઉપરાંત સરદાર સર્કલનું નિર્માણ પણ કરવામાં આવ્યુ છે. મોટી કુંકાવાવ ખાતે દાતાઓના સહયોગથી નિર્મિત વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ પ્રસંગમાં ભાજપ પદાધિકારીઓ અને ગ્રામજનો હાજર રહ્યાં હતા.

**દાતાઓના સહયોગથી વોટર ફિલ્ટર પ્લાન્ટ બનાવવામાં આવ્યો**

# રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે રંગપુરમાં સીસીરોડ-સુવિધાપથનું ઉદ્ઘાટન કરાયું

**વડેરા ગામે પૂર સંરક્ષણ દિવાલ અને ચેકડેમનું લોકાર્પણ કરાયુ**

અમરેલી,તા.૧૩

અમરેલીના રંગપુર અને વડેરા ગામે ઉર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે વિવિધ વિકાસલક્ષી કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રંગપુર મુકામે વર્ષો જૂની



સમસ્યાનો અંત લાવતા રૂ. ૧.૨૫ કરોડના ખર્ચે નવનિર્મિત સીસીરોડ- સુવિધાપથનું ઉદ્ઘાટન કરાયું હતું.

વડેરા ગામે ચોમાસામાં પૂરની સમસ્યા નિવારવા રૂ. ૨૯ લાખના ખર્ચે પૂર સંરક્ષણ દિવાલ અને રૂ. ૩૧.૮૦ લાખના ખર્ચે ચેકડેમનું લોકાર્પણ થયું હતું. આ ચેકડેમથી ૧ કરોડ લીટર પાણીનો સંગ્રહ થશે, જેનો લાભ ૩૦ એકર જમીનને મળશે. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ સુરેશભાઈ પાથર, તાલુકા પંચાયત પ્રમુખ અને અન્ય પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉના શહેરની ગોલ્ડન સિટી સોસાયટીમાં સિંહ બેલડીનો આંતક, સ્થાનિકોમાં ફફડાટ

ઉના,તા.૧૩

ઉના શહેરના હાર્દ સમાન ગીર ગઢડા રોડ પર આવેલી ગોલ્ડન સિટી સોસાયટીમાં રાત્રિના સમયે સિંહ યુગલ આવી ચઢતા સ્થાનિકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. સોસાયટીની શેરી નંબર ૫ માં સિંહણે ૨૦ દિવસના વાછરડાનું મારણ કર્યું હતું અને તેને મોઢામાં દબાવી નિર્ભયપણે ફરતી જોવા મળી હતી. આશ્ચર્યની વાત એ છે કે, આ ઘટના વન વિભાગના



આર.એફ.ઓ.ના નિવાસસ્થાનની તદ્દન નજીક બની હતી. સતત અવરજવર ધરાવતા રહેણાંક વિસ્તારમાં સિંહોના આગમનથી લોકોની સુરક્ષા સામે પ્રશ્નાર્થ સર્જાયો છે. રહેવાસીઓએ વન વિભાગ પાસે આ વિસ્તારમાં રાત્રિ પેટ્રોલિંગ વધારવાની ઉગ્ર માંગ કરી છે.

# કોડીનારની સોમનાથ DLSS સ્કૂલ ખાતે જિલ્લા કક્ષાનો ટેલેન્ટ આઈડેન્ટીફિકેશન કાર્યક્રમ યોજાયો

કોડીનાર,તા.૧૩



સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત (SAG) દ્વારા કોડીનાર સ્થિત સોમનાથ DLSS સ્કૂલ ખાતે પ્રતિભાશાળી ખેલાડીઓની શોધ માટે જિલ્લા કક્ષાના ટેલેન્ટ આઈડેન્ટીફિકેશન (બેટરી ટેસ્ટ) કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામ્ય અને શહેરી વિસ્તારના રમતગમત ક્ષેત્રે રૂચિ અને પ્રતિભા ધરાવતા બાળકોને શોધીને તેમને યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે. આ ટેસ્ટમાં ગીર સોમનાથ જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી મોટી સંખ્યામાં ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# ૩૩ GAS અધિકારીઓની સિનિયર સ્કેલમાં બઢતી આપતી રાજય સરકાર

ગાંધીનગર,તા.૧૩

રાજ્ય સરકારે GAS કેડરના ૩૩ અધિકારીઓને સિનિયર સ્કેલ (લેવલ-૧૨, પગાર માળખું રૂ.૭૮,૮૦૦–૨,૦૯,૨૦૦)માં પ્રમોશન આપતું નોટિફિકેશન જાહેર કર્યું છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલી સૂચના મુજબ તમામ અધિકારીઓને સિલેક્શન સ્કેલ (લેવલ-૧૩)માં ઉન્નત કરી હાલની જ જવાબદારીઓ પર યથાવત્ રાખવામાં આવ્યા છે.પ્રમોશન મેળવનાર અધિકારીઓમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ડિરેક્ટર, રેસિડન્ટ એડિશનલ કલેક્ટર, પ્રોજેક્ટ એડમિનિસ્ટ્રેટર, ડેપ્યુટી કમિશનર, એડિશનલ કલેક્ટર સહિતના મહત્વના હોદ્દા પર કાર્યરત અધિકારીઓનો સમાવેશ થાય છે. મોરબી, ખેડા, પંચમહાલ-દાહોદ, વડોદરા, અમદાવાદ, વલસાડ, બનાસકાંઠા, કચ્છ, જૂનાગઢ, રાજકોટ, નર્મદા સહિત વિવિધ જિલ્લાઓમાં ફરજ બજાવતા અધિકારીઓને લાભ મળ્યો છે. સચિવાલય ગાંધીનગર ખાતે કાર્યરત કેટલાક પર્સનલ સેક્રેટરી અને વિભાગીય અધિકારીઓને પણ બઢતી આપવામાં આવી છે.

# SGVP ગુરુકુલ ખાતે 'ઈન્ટર હાઉસ ક્રિકેટ ટુર્નામેન્ટ'નો ભવ્ય પ્રારંભ

ગોંડલ,તા.૧૩



SGVP ઈન્ટરનેશનલ સ્કૂલ અને સૂર્યા સ્પોર્ટ્સ સ્કૂલ દ્વારા ૧૨ થી ૧૮ ફેબ્રુઆરી દરમિયાન 'ઈન્ટર હાઉસ ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૫-૨૬'નું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં ધોરણ ૫ થી ૧૧ ના વિદ્યાર્થીઓ ભક્તિ, જ્ઞાન, કર્મ અને ધર્મ હાઉસ વચ્ચે ખરાખરીનો જંગ ખેલશે. ટુર્નામેન્ટનું ઉદ્ઘાટન રીબડા ગુરુકુલના પૂજ્ય ધર્મવત્સલદાસજી સ્વામી તથા અન્ય સંતોના હસ્તે દીપ પ્રાગટ્ય અને ટ્રોફી અનાવરણ દ્વારા કરવામાં આવ્યું હતું. પૂજ્ય સ્વામીએ જણાવ્યું કે રમતગમત દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને ટીમવર્કની ભાવના કેળવાય છે.


-:: જાહેર નોટીસ ::-

**-//એકઝીકયુટીવમેજીસ્ટ્રેટસાહેબની કોર્ટમાં, કોડીનાર//-**

અરજી નં.8/2026
મરણ તારીખ : 08/02/1965

શ્રી ભોગીભાઈ વિઠલભાઈ કાગદલા,
રહે.જુની બજાર, કોડીનાર ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી આર.ડી.ઠકરાર, કોડીનાર .....અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, દેવળી, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ ...સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી ભોગીભાઈ વિઠલભાઈ કાગદલા, રહે.જુની બજાર, કોડીનાર ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના પિતા સ્વ.વિઠલભાઈ ગોરાભાઈ કાગદલાનું મરણ તારીખ.08/02/1965ના રોજ કોડીનાર તાલુકાના દેવળી ગામ મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૦ માહેઃ ફેબ્રુઆરી સને ૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
સહી,
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૩૯/૨૦૨૬

અરજદાર : શ્રી મહેશભાઈ વશરામભાઈ ઓઝા
સરનામુ : મું.ટીંબી તા.જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - ટીંબી
મું.ટીંબી તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ટીંબી** ગામના **શ્રી મહેશભાઈ વશરામભાઈ ઓઝા** એ તેના **પુત્રી નામે શ્રી દિપ્તી મહેશભાઈ ઓઝા નું જન્મ** તા.૦૧/૦૭/૧૯૮૩ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એચ.ડી.માંડલીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ માહે. ૦૪ ફેબ્રુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૦૪/૦૨/૨૦૨૬
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ



**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૫૬/૨૦૨૬

અરજદાર : શ્રી અમીનાબેન જીણાશા કાદરી
સરનામુ : મું.તુર્કી મહોલ્લા, જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
ચીફ ઓફિસર શ્રી નગરપાલિકા - જાફરાબાદ
મું.જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી અમીનાબેન જીણાશા કાદરી** એ તેમના જેઠની **પુત્રી નામે શ્રી આરજુબાનુ મહમદશા કાદરી નો જન્મ** તા.૨૫/૦૭/૧૯૮૫ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એચ.ડી.માંડલીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ માહે. ૦૪ ફેબ્રુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૦૪/૦૨/૨૦૨૬
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ



**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૬૦/૨૦૨૬

અરજદાર : શ્રી કાદરી આરજુબાનુ મહમદશા
સરનામુ : મું.તુર્કી મહોલ્લા, જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
ચીફ ઓફિસર શ્રી નગરપાલિકા - જાફરાબાદ
મું.જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી કાદરી આરજુબાનુ મહમદશા** એ તેમના **પિતા નામે શ્રી કાદરી મહમદશા હૈદરશા નું અવસાન** તા.૦૧/૦૭/૧૯૮૫ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એચ.ડી.માંડલીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ માહે. ૦૪ ફેબ્રુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૦૪/૦૨/૨૦૨૬
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ



**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૫૯/૨૦૨૬

અરજદાર : શ્રી કાદરી આરજુબાનુ મહમદશા
સરનામુ : મું.તુર્કી મહોલ્લા, જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
ચીફ ઓફિસર શ્રી નગરપાલિકા - જાફરાબાદ
મું.જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી કાદરી આરજુબાનુ મહમદશા** એ તેમના **માતા નામે શ્રી કાદરી સરીફાબેન મહમદશા નું અવસાન** તા.૧૮/૦૯/૨૦૦૧ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એચ.ડી.માંડલીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ માહે. ૦૪ ફેબ્રુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૦૪/૦૨/૨૦૨૬
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ



**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૫૮/૨૦૨૬

અરજદાર : શ્રી અમીનાબેન જીણાશા કાદરી
સરનામુ : મું.તુર્કી મહોલ્લા, જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
ચીફ ઓફિસર શ્રી નગરપાલિકા - જાફરાબાદ
મું.જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી અમીનાબેન જીણાશા કાદરી** એ તેમના જેઠની **પુત્ર નામે શ્રી અલારખ જમાલશા કાદરી નો જન્મ** તા.૦૧/૧૨/૧૯૮૦ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એચ.ડી.માંડલીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ માહે. ૦૪ ફેબ્રુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૦૪/૦૨/૨૦૨૬
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ



**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૫૭/૨૦૨૬

અરજદાર : શ્રી અમીનાબેન જીણાશા કાદરી
સરનામુ : મું.તુર્કી મહોલ્લા, જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
ચીફ ઓફિસર શ્રી નગરપાલિકા - જાફરાબાદ
મું.જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી અમીનાબેન જીણાશા કાદરી** એ તેમના જેઠના **પુત્ર નામે શ્રી સબીરશા જમાલશા કાદરી નો જન્મ** તા.૦૩/૦૫/૧૯૮૩ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એચ.ડી.માંડલીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ માહે. ૦૪ ફેબ્રુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૦૪/૦૨/૨૦૨૬
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

# રાજસ્થાનમાં લગ્ન પ્રસંગે વાસણ સાફ કરવાનું કેમિકલ દારૂ સમજીને પીતા એક જ પરિવારના ચાર લોકોના મોત

જયપુર, તા.૧૩

રાજસ્થાનના ભીલવાડા જિલ્લાના આલોલી ગામમાં એક હૃદયદ્રાવક ઘટના બની છે. એક લગ્ન સમારંભમાં વાસણ ધોવાનો કોન્ટ્રાક્ટ રાખનાર પરિવારના ચાર સભ્યોએ ભૂલથી વાસણ સાફ કરવાના કેમિકલને દારૂ સમજીને પી લેતા ચારેયના કરુણ મોત નીપજ્યા છે. મૃતકોમાં રતન કંજર, સુશીલા દેવી, જમની દેવી અને બદામી દેવીનો સમાવેશ




થાય છે. ઘટનાની જાણ થતા જ જિલ્લા કલેક્ટર જસમીત સિંહ સંધુ અને એસ.પી. ધર્મેન્દ્ર સિંહ યાદવ સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પ્રાથમિક તપાસ મુજબ, આ લોકો લગ્ન પ્રસંગે વપરાતું શક્તિશાળી ડિટર્જન્ટ કેમિકલ ચોરીછૂપીથી ઘરે લાવ્યા હતા. ગુરુવારે રાત્રે દારૂના ભ્રમમાં તેનું સેવન કરવાથી તેમની તબિયત લથડી હતી અને ટૂંક સમયમાં જ ચારેયના મોત થયા હતા. પોલીસે કેમિકલની બોટલ જપ્ત કરી એફ.એસ.એલ (FSL) તપાસ માટે મોકલી આપી છે. સાવચેતીના ભાગરૂપે કલેક્ટરે સમગ્ર ગામમાં ડોર-ટુ-ડોર હેલ્થ સર્વેના આદેશ આપ્યા છે. તંત્ર દ્વારા મૃતકોના પરિવારને મુખ્યમંત્રી રાહત ભંડોળમાંથી સહાય મળે તે દિશામાં પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# બેંગલુરુ હાઈવે પર કાર, બાઈક અને ટેન્કર વચ્ચેની ભીષણ ટક્કરમાં ૭ના મોત

બેંગલુરુ, તા.૧૩

કર્ણાટકની રાજધાની બેંગલુરુ નજીક હોસ્કોટ-દબાસ્પેટ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આજે સવારે એક હૃદયદ્રાવક માર્ગ અકસ્માત સર્જાયો હતો. આ ભયાનક દુર્ઘટનામાં સાત લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. સત્યવારા ગામ પાસે બનેલી આ ઘટનામાં એક કાર, બાઈક અને કેન્ટર વાહન વચ્ચે જોરદાર ટક્કર



થઈ હતી. પોલીસના જણાવ્યા અનુસાર, હોસ્કોટથી દેવનહલ્લી જઈ રહેલી એક તેજ રફ્તાર કારે પહેલા બાઈકને પાછળથી ટક્કર મારી હતી. આ ટક્કર બાદ કાર ચાલકે વાહન પરથી કાબૂ ગુમાવ્યો હતો અને કાર સામેથી આવતા કેન્ટર સાથે અથડાઈ હતી. આ અકસ્માત એટલો ભીષણ હતો કે કારમાં સવાર ૬ લોકો અને બાઈક સવારનું સ્થળ પર જ મોત થયું હતું. પ્રાથમિક તપાસમાં ઓવરસ્પીડિંગ અકસ્માતનું મુખ્ય કારણ હોવાનું બહાર આવ્યું છે. મૃતકો કોઠાનુર વિસ્તારના રહેવાસી હોવાનું મનાય છે, જોકે તેમની સત્તાવાર ઓળખ હજુ બાકી છે. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્કોટ સરકારી હોસ્પિટલ ખસેડ્યા છે અને વધુ તપાસ હાથ ધરી છે.

# ચૂંટણી પહેલા સ્ટાલિનનો માસ્ટરસ્ટ્રોક : તમિલનાડુની ૧.૩૧ કરોડ મહિલાઓના ખાતામાં રૂ.૫,૦૦૦ જમા

ચેન્નાઈ, તા.૧૩

તમિલનાડુમાં આગામી એપ્રિલમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી પૂર્વે મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિને મહિલા મતદારોને રીઝવવા મોટી જાહેરાત કરી છે. 'કલાઈનાર મહિલા અધિકાર યોજના' હેઠળ રાજ્યની ૧.૩૧ કરોડ લાભાર્થી મહિલાઓના ખાતામાં સીધા રૂ.૫,૦૦૦ ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. જેમાં ફેબ્રુઆરીથી એપ્રિલ સુધીના એડવાન્સ હપ્તા અને સ્પેશિયલ પેકેજનો સમાવેશ થાય છે. સોશિયલ મીડિયા પર આ જાણકારી આપતા સ્ટાલિને જણાવ્યું કે, 'આ દ્રવિડિયન મોડેલ સરકારનું વચન છે.' તેમણે ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનની વ્યૂહરચના અપનાવતા વચન આપ્યું છે કે જો તેઓ ફરી સત્તા પર આવશે, તો માસિક સહાય રૂ.૧,૦૦૦ થી વધારીને રૂ.૨,૦૦૦ કરવામાં આવશે. મધ્યપ્રદેશની 'લાડલી બહેન' યોજનાની સફળતા બાદ હવે તમિલનાડુ સરકાર પણ આર્થિક લાભ દ્વારા સત્તા ટકાવી રાખવા પ્રયત્નશીલ છે.

# SGVP ગુરુકુલ દ્વારા શહીદ સંતાનોને 'વિદ્યાસહાય' અર્પણ: રાષ્ટ્રભક્તિ અને માનવતાનો અનોખો સંગમ

સાવરકુંડલા,તા.૧૩

સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) દ્વારા રાષ્ટ્રના વીર શહીદો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના અધ્યક્ષ માધવપ્રિયદાસજી સ્વામીજીના દિવ્ય સંકલ્પને સાકાર કરતાં, દેશની રક્ષા કાજે બલિદાન આપનાર શહીદ જવાનોના સંતાનોને સંસ્થા તરફથી આર્થિક 'વિદ્યાસહાય' અર્પણ કરવામાં આવી હતી. આ સહાયને માત્ર આર્થિક મદદ નહીં, પરંતુ



શહીદોના સર્વોચ્ચ બલિદાનને વંદન કરવા માટે 'ભગવાનના પ્રસાદ' રૂપે ગણાવવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન શહીદ જવાનોના પુત્રોને પૂજ્ય સંતોના આશીર્વાદ સાથે તેમના હસ્તે સહાય ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. જ્યારે શહીદ પરિવારોની દીકરીઓને ઉપસ્થિત મહાનુભાવો અને અગ્રણીઓના હસ્તે સન્માનિત કરી શૈક્ષણિક સહાય આપવામાં આવી હતી. જ્યારે શહીદોના સંતાનો મંચ પર સહાય સ્વીકારવા પહોંચ્યા, ત્યારે ઉપસ્થિત તમામ લોકોએ ઉભા થઈ તાળીઓના ગડગડાટથી તેમને વધાવી લીધા હતા. આ દ્રશ્ય જોઈ ત્યાં હાજર દરેક વ્યક્તિની આંખોમાં દેશભક્તિ અને ગર્વના ભાવ જોવા મળ્યા હતા.

# રાજ્યના શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજાને હાર્ટ એટેક: યુ.એન. મહેતા હોસ્પિટલમાં સફળ સર્જરી


અમદાવાદ, તા.૧૩

ગુજરાતના શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજાને હાર્ટ એટેક આવતા તાત્કાલિક અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૧૩ ફેબ્રુઆરી શુક્રવારે સાંજે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે મુખ્યમંત્રી સાથે સ્માર્ટ સ્કૂલના લોકાર્પણ કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ તેમને છાતીમાં દુખાવો ઉપડ્યો હતો. હોસ્પિટલમાં પ્રાથમિક તપાસ અને એન્જિયોગ્રાફી કરતા હૃદયની એક નળીમાં બ્લોકેજ હોવાનું સામે આવ્યું હતું. તબીબોએ તાત્કાલિક કાર્યવાહી કરી એક 'સ્ટેન્ટ' મૂક્યું છે. હાલ તેમની સર્જરી સફળ રહી છે અને સ્વાસ્થ્યમાં સુધારો જોવા મળી રહ્યો છે. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર, મંત્રીની હાલત અત્યારે સ્થિર છે અને તેઓ તબીબોની દેખરેખ હેઠળ છે. આ સમાચાર મળતા જ રાજકીય અગ્રણીઓએ તેમના ઝડપી સ્વાસ્થ્ય લાભ માટે પ્રાર્થના કરી છે.

# કાશ્મીરની ખીણમાં આંતકવાદી ખતરાને લઈ સમગ્ર રાજયમાં હાઈ એલર્ટ જારી કરાયું

નવી દિલ્હી, તા.૧૩

ભારતીય સુરક્ષા એજન્સીઓએ કાશ્મીર ખીણમાં સંભવિત આતંકવાદી ખતરની ચેતવણી આપી છે. ગુપ્ત માહિતીના આધારે સમગ્ર જમ્મુ અને કાશ્મીરમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ૧૧ ફેબ્રુઆરી ૧૯૮૪ના રોજ મકબુલ ભટને આપવામાં આવેલી ફાંસી અને ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ના પુલવામા આત્મઘાતી હુમલાની વર્ષગાંઠને ધ્યાનમાં રાખી સુરક્ષા વધારવામાં આવી છે. પુલવામા હુમલામાં ૪૦ સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના જવાનો શહીદ થયા હતા. ગુપ્તચર એજન્સીઓએ આઈઈડી, વાહન-માઉન્ટેડ આઈઈડી, ગ્રેનેડ હુમલા અથવા




લક્ષિત હત્યાની શક્યતા દર્શાવી છે. તેના પગલે રાષ્ટ્રીય ધોરીમાર્ગો, વ્યસ્ત બજારો અને સંવેદનશીલ વિસ્તારોમાં નાકાબંધી કડક બનાવાઈ છે. જમ્મુ-કાશ્મીર પોલીસ અને CRPF દ્વારા ડ્રોન અને સીસીટીવી મારફતે ચુસ્ત નજર રાખવામાં આવી રહી છે. ઉત્તરી કમાન્ડના આર્મી કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ પ્રતીક શર્માએ ઉધમપુર જિલ્લામાં સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી. સંયુક્ત નિયંત્રણ કેન્દ્રોની બેઠકમાં સેનાના, પોલીસ અને અન્ય સુરક્ષા એજન્સીઓના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. બેઠકમાં ગુપ્ત માહિતીની આપ-લે, સંકલન વધારવા અને આતંકવાદ વિરોધી માળખાને વધુ મજબૂત બનાવવા પર ભાર મૂકાયો હતો.

# ટી-૨૦ વર્લ્ડ કપમાં મોટો અપસેટ સર્જાયો ઝીમ્બાબ્વેએ ઓસ્ટ્રેલીયાને ૨૩ રને હરાવ્યું

નવી દિલ્હી,તા.૧૩

ટી ૨૦ વર્લ્ડ કપમાં પહેલો અપસેટ જોવા મળ્યો છે. ઝિમ્બાબ્વેએ ઓસ્ટ્રેલિયાને ૨૩ રનના માર્જિનથી હરાવ્યું. આ બીજી વખત છે જ્યારે ટીમે T20 વર્લ્ડ કપમાં ઓસ્ટ્રેલિયાને હરાવ્યું છે. તેણે ૧૯ વર્ષ પહેલા ૨૦૦૭માં લીગ રાઉન્ડમાં પણ ઓસ્ટ્રેલિયાને હરાવ્યું હતું. ઓસ્ટ્રેલિયાએ કોલંબોના આર પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે ટોસ



જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ઝિમ્બાબ્વેએ ૨૦ ઓવરમાં ૨ વિકેટ ગુમાવીને ૧૬૯ રન બનાવ્યા હતા. જવાબમાં, ઓસ્ટ્રેલિયા ૧૯.૩ ઓવર પછી ૧૪૬ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. બ્લેસિંગ મુઝારાબાનીએ ૪ વિકેટ લીધી અને તેમને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા.ટાર્ગેટ ચેઝ કરતા, મેટ રેનશો (૬૫)એ ફિફ્ટી ફટકારી. ગ્લેન મેક્સવેલે ૩૧ રન બનાવ્યા. માર્કસ સ્ટોઈનિસ (૬), ટ્રેવિસ હેડ (૧૭), અને જોશ ઈંગ્લિસ (૮) સારું પ્રદર્શન કરવામાં નિષ્ફળ ગયા હતા. ટિમ ડેવિડ અને કેમેરોન ગ્રીન પણ ખાતું ખોલવામાં નિષ્ફળ ગયા. મુઝારાબાની ઉપરાંત ઈવાન્સે ઝિમ્બાબ્વે માટે ત્રણ વિકેટ લીધી.

# તેલંગાણા નગર નિગમ ચૂંટણીમાં કોંગ્રેસનો ભવ્ય વિજય, ભાજપ અને BRSના સૂપડા સાફ

હૈદરાબાદ, તા.૧૩

તેલંગાણામાં યોજાયેલી નગરપાલિકા અને મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં શાસક પક્ષ કોંગ્રેસે વિરોધ પક્ષોને પછાડીને એકતરફી વિજય મેળવ્યો છે. કુલ જાહેર થયેલા પરિણામોમાં કોંગ્રેસ સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવી છે, જ્યારે ભાજપના નબળા પ્રદર્શને રાજકીય વિશ્લેષકોને આશ્ચર્યમાં મૂકી દીધા છે. રાજ્યની ૧૧૬ નગરપાલિકા અને ૭ મહાનગરપાલિકાઓ માટે બેલેટ પેપરથી થયેલા મતદાનની ગણતરી શુક્રવારે હાથ ધરવામાં આવી હતી. અત્યાર સુધીના વલણો મુજબ, કોંગ્રેસે ૨૨૪ થી વધુ બેઠકો પર જીત નોંધાવી છે. બીજી તરફ, ભારત રાષ્ટ્ર સમિતિ (BRS) ૧૩૧ બેઠકો સાથે બીજા ક્રમે અને ભાજપ માત્ર ૩૭ બેઠકો પર સમેટાઈ ગયું છે. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે મતગણતરી કેન્દ્રો પર ૧૨,૦૦૦ થી વધુ પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા. કોંગ્રેસની આ જીત આગામી સમયમાં રાજ્યના રાજકારણમાં તેમનું વર્ચસ્વ વધુ મજબૂત કરશે તેવું દેખાઈ રહ્યું છે.

# બાંગ્લાદેશની આઝાદી બાદ ઢાકાથી પ્રથમ વાર હિન્દુ સાંસદ તરીકે ગાયેશ્વર ચંદ્ર રોય વિજેતા


નવી દિલ્હી, તા.૧૩

બાંગ્લાદેશમાં યોજાયેલી ૧૩મી સંસદીય ચૂંટણીમાં એક નવો ઈતિહાસ રચાયો છે. બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) ના વરિષ્ઠ નેતા ગાયેશ્વર ચંદ્ર રોય ઢાકા-૩ બેઠક પરથી વિજયી થયા છે. ૧૯૭૧માં બાંગ્લાદેશની સ્વતંત્રતા બાદ ઢાકા વિસ્તારમાંથી ચૂંટાયેલા તેઓ પ્રથમ હિન્દુ સાંસદ બન્યા છે. ઢાકાના રિર્ટનિંગ ઓફિસર મોહમ્મદ રેઝાઉલ કરીમે જાહેર કર્યું કે, ગાયેશ્વર ચંદ્ર રોયે ૯૮,૭૮૫ મતો મેળવીને જમાત-એ-ઈસ્લામીના ઉમેદવાર શાહિનુર ઈસ્લામને હરાવ્યા છે. ૧ નવેમ્બર, ૧૯૫૧ના રોજ જન્મેલા ગાયેશ્વર રોય લાંબા સમયથી લઘુમતીઓના અધિકારો માટે અવાજ ઉઠાવતા રહ્યા છે. ૧૯૯૧માં તેઓ રાજ્યમંત્રી તરીકે પણ સેવા આપી ચૂક્યા છે.

# શેરબજાર મોટો ઘટાડો : સેન્સેક્સ ૧,૦૪૮ અને નિફ્ટી ૩૩૬.૧૦ પોઈન્ટ તૂટ્યો

મુંબઈ, તા. ૧૩

સપ્તાહના અંતિમ ટ્રેડિંગ દિવસે શેરબજાર મોટા ઘટાડા સાથે બંધ થયું. વૈશ્વિક બજારોમાં નબળા સંકેતો વચ્ચે મેટલ, આઈટી અને કોમોડિટી શેરોમાં વ્યાપક વેચવાલી જોવા મળી. ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ ૧,૦૪૮.૧૬ પોઈન્ટ ઘટીને ૮૨,૬૨૬.૭૬ પર બંધ થયો, જ્યારે ૫૦ શેરો ધરાવતો





નિફ્ટી ૩૩૬.૧૦ પોઈન્ટ તૂટીને ૨૫,૪૭૧.૧૦ પર સમાપ્ત થયો. દિવસ દરમિયાન બંને સૂચકાંકોમાં ૧ ટકા કરતાં વધુ ઘટાડો નોંધાયો. હિન્દુસ્તાન લીવર ટાટા સ્ટીલ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સહિત અનેક અગ્રણી શેરોમાં ઘટાડો થયો. નિષ્ણાતોના મત મુજબ, અમેરિકાના ફુગાવાના આંકડાઓ પહેલાં બજારમાં સાવચેતીનો માહોલ રહ્યો. વૈશ્વિક દબાણ અને મજબૂત ડોલર ઈન્ડેક્સને કારણે રોકાણકારોએ નફો બુકિંગ કર્યું.

# ટ્રમ્પની ઈરાનને અંતિમ ચેતવણી : જો કરાર નહી થાય, તો પરિણામ અત્યંત પીડાદાયક આવશે

વોશિંગ્ટન, તા.૧૩

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા ખામેનીને ફરી એકવાર કડક શબ્દોમાં ધમકી આપી છે. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે જો ઈરાન ટૂંક સમયમાં પરમાણુ કરાર માટે વાટાઘાટોની ટેબલ પર નહીં આવે, તો તેણે અત્યંત ગંભીર અને 'પીડાદાયક' પરિણામો ભોગવવા પડશે. વ્હાઈટ હાઉસમાં ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ



સાથેની 'ખૂબ જ સારી' મુલાકાત બાદ ટ્રમ્પે આ નિવેદન આપ્યું હતું. તેમણે જૂન ૨૦૨૫માં ઈરાનના પરમાણુ મથકો પર થયેલા અમેરિકી હુમલા 'મિડનાઈટ હેમર'નો ઉલ્લેખ કરતા કહ્યું કે, ઈરાને અગાઉ જ સમાધાન કરી લેવું જોઈતું હતું. ટ્રમ્પે ભારપૂર્વક જણાવ્યું કે આખરે નિર્ણય તેમનો જ રહેશે. બીજી તરફ, નેતન્યાહુએ પણ સ્પષ્ટ કર્યું છે કે કોઈપણ કરારમાં માત્ર પરમાણુ મુદ્દો જ નહીં, પરંતુ ઈરાનની બેલિસ્ટિક મિસાઈલો અને તેના પ્રાદેશિક સંગઠનો પર અંકુશ હોવો પણ અનિવાર્ય છે. નેતન્યાહુએ ઈરાનની દાનત પર શંકા વ્યક્ત કરતા વ્હાઈટ હાઉસને ઈઝરાયલની સુરક્ષા અંગેના મહત્વના ઘટકો પર ધ્યાન આપવા અનુરોધ કર્યો છે.

# બલુચિસ્તાન હવે પાકિસ્તાનનો પ્રાંત નહી પરંતુ પાડોશી બનશે : બલુચ નેતાની લાહોરમાં ગર્જના

લાહોર, તા.૧૩

પાકિસ્તાનના સૌથી મોટા પ્રાંત બલૂચિસ્તાનમાં આઝાદીની માંગે હવે જોર પકડ્યું છે. લાહોરમાં માનવાધિકાર કાર્યકર્તા અસ્મા જહાંગીરની યાદમાં આયોજિત એક કાર્યક્રમમાં બલૂચિસ્તાનના ભૂતપૂર્વ મુખ્યમંત્રી સરદાર અખ્તર મેંગલે સનસનાટીભર્યું નિવેદન આપતા કહ્યું કે, "બલૂચિસ્તાન હવે પાકિસ્તાન સાથે રહી શકશે નહીં. તે હવે પાકિસ્તાનનો પ્રાંત રહેવાને બદલે તેનો પાડોશી દેશ બનવા જઈ રહ્યો છે. મેંગલે ૧૯૭૧ના બાંગ્લાદેશ મુક્તિ સંગ્રામનો ઉલ્લેખ કરતા ચેતવણી આપી હતી કે પાકિસ્તાની સેનાએ અત્યાચારની તમામ હદો વટાવી દીધી છે, જેના કારણે લોકોમાં ભારે આક્રોશ છે. તેમણે બલૂચિસ્તાન લિબરેશન આર્મી (BLA) ને સમર્થન આપતા કહ્યું કે લોકો હવે



સેનાને ધિક્કારે છે. આ નિવેદન દરમિયાન પાકિસ્તાનના પૂર્વ ગૃહમંત્રી રાણા સનાઉલ્લાહે વિરોધ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કાર્યક્રમમાં હાજર લોકોએ તેમને 'ચૂપ રહો' ના નારા લગાવી બોલતા અટકાવ્યા હતા. નોંધનીય છે કે ૧૯૪૦માં જ્યાં પાકિસ્તાન બનાવવાનો ઠરાવ પસાર થયો હતો, તે જ લાહોરની ધરતી પર આજે પાકિસ્તાનના ભાગલાની ચર્ચાએ રાજકીય ખળભળાટ મચાવી દીધો છે. આ ઘટના બલૂચિસ્તાનમાં વધતા અસંતોષ અને પાકિસ્તાનની અખંડિતતા પર મોટા સવાલો ઊભા કરે છે.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન પહેલવાર ગુજરાત આવશે

અમદાવાદ, તા.૧૩



ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળ્યા બાદ નીતિન નબીન આગામી ૨૦ ફેબ્રુઆરીથી પ્રથમવાર ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નજીક છે ત્યારે આ મુલાકાતને સંગઠનની દ્રષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. નીતિન નબીન ૨૦ થી ૨૨ ફેબ્રુઆરી દરમિયાન ત્રણ દિવસીય ગુજરાત પ્રવાસ ખેડશે. આ પ્રવાસ દરમિયાન તેઓ રાજ્યના વિવિધ શહેરોમાં પક્ષના કાર્યકર્તાઓ અને હોદ્દેદારો સાથે મુલાકાત કરશે. ખાસ કરીને અમદાવાદમાં એક ભવ્ય જનસભાનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જ્યાં તેઓ કાર્યકર્તાઓને સંબોધિત કરી આગામી ચૂંટણીઓ માટે માર્ગદર્શન પૂરું પાડશે. તાજેતરમાં જ ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ દિલ્હી ખાતે તેમની શુભેચ્છા મુલાકાત લીધી હતી. અધ્યક્ષના આ પ્રવાસને લઈને પ્રદેશ ભાજપ દ્વારા પૂરજોશમાં તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ મુલાકાત દ્વારા કાર્યકર્તાઓમાં નવો ઉત્સાહ જગાડવાનો અને સંગઠનને વધુ મજબૂત બનાવવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે.

# ગુજરાતનું ૨૦૨૬-૨૭ બજેટ ૪.૧૦થી ૪.૨૨ લાખ કરોડ વચ્ચે રહેવાની સંભાવના

ગાંધીનગર, તા. ૧૩



ગુજરાત વિધાનસભામાં ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ નાણામંત્રી કનુભાઈ દેસાઈ વર્ષ ૨૦૨૬-૨૭નું વાર્ષિક બજેટ રજૂ કરશે. છેલ્લા વર્ષોના સરેરાશ ૧૦થી ૧૫ ટકા વૃદ્ધિના ટ્રેન્ડને ધ્યાનમાં લેતા, આ વખતે રાજ્યના બજેટનું કુલ કદ રૂ. ૪.૧૦ લાખથી ૪.૨૨ લાખ કરોડ વચ્ચે રહેવાની સંભાવના છે. વર્ષ ૨૦૨૫-૨૬માં બજેટનું કદ રૂ. ૩,૭૦,૨૫૦ કરોડ હતું, જે અગાઉના વર્ષ કરતાં ૧૧.૪ ટકા વધારે હતું. આગામી બજેટમાં શહેરી વિકાસ, આરોગ્ય, કૃષિ અને શિક્ષણ ક્ષેત્રે વિશેષ ફાળવણી થવાની શક્યતા છે. 'વિકસિત ગુજરાત ૨૦૪૭' હેઠળ રચાયેલ ફંડ માટે વધુ જોગવાઈ કરવામાં આવી શકે છે. શહેરી વિકાસ વર્ષ જાહેર થતા મેટ્રો પ્રોજેક્ટ્સ, સ્માર્ટ સિટી, ગ્રીન મોબિલિટી અને ડિજિટલ ટાઉન પ્લાનિંગ જેવી યોજનાઓને વેગ મળશે. શિક્ષણ માટે અંદાજિત રૂ. ૬૦,૦૦૦ કરોડ, આરોગ્ય માટે રૂ. ૨૮,૦૦૦ કરોડ અને કૃષિ માટે રૂ. ૨૦,૦૦૦ કરોડ ફાળવાઈ શકે છે. ઊર્જા ક્ષેત્રે ગ્રીન હાઈડ્રોજન અને સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ માટે ખાસ પેકેજની જાહેરાત શક્ય છે. રાજ્ય સરકાર ગરીબ, યુવા, ખેડૂત અને મહિલાઓ માટે નવી સહાય યોજનાઓ પણ જાહેર કરી શકે છે.

# એએમસીમાં કામદારો ગટરમાં ઉતરતા નથી છતાં સેફ્ટી કિટ માટે રૂ. ૧.૩૯ કરોડનો ખર્ચ

અમદાવાદ, તા. ૧૩

અમદાવાદ શહેરમાં છેલ્લા કેટલાય વર્ષોથી મ્યુનિસિપલ સફાઈ કામદારોને ગટર લાઈનમાં ઉતારવામાં આવતા નથી, છતાં તેમની સુરક્ષા માટે રૂ. ૧.૩૯ કરોડના સેફ્ટી ગિયર ખરીદવાનો નિર્ણય લેવાયો છે. મ્યુનિસિપલ સૂત્રોના જણાવ્યા મુજબ, અગાઉ ગટરમાં ઉતરતી વખતે ઝેરી ગેસથી અનેક કામદારોનાં મૃત્યુ થયાં હતાં. આ અંગે સુપ્રિમ કોર્ટ દ્વારા સંપૂર્ણ સુરક્ષા સાધનો વિના ગટરમાં કામદારોને ઉતારવા મનાઈ કરાઈ છે. હાલમાં શહેરના મોટાભાગના વિસ્તારોમાં ડી-સિલ્ટિંગ મશીનો દ્વારા સફાઈ કરવામાં આવે છે. જોકે કોટ વિસ્તાર, પોળો અને ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં કેટલીક કામગીરી માટે માનવીય હસ્તક્ષેપ જરૂરી બને છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ઈમરજન્સી રિસ્પોન્સ સેનિટેશન યુનિટ માટે વોર્ડદીઠ એક સેફ્ટી કિટ આપવાનો નિર્ણય લેવાયો છે. ટેન્ડર પ્રક્રિયામાં ત્રણ વેપારીઓએ ભાગ લીધો હતો.

# સોનગઢમાં આધેડ દંપતીએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું, સમગ્ર પંથકમાં ઘેરો શોક

ભાવનગર, તા. ૧૩



ભાવનગર જિલ્લાના સોનગઢ ગામમાં રહેતા આધેડ દંપતીએ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં વિસ્તારમાં અરેરાટી ફેલાઈ છે. પ્લોટ વિસ્તારમાં નિવાસ કરતાં અને ડ્રાઈવિંગનો વ્યવસાય કરતા ૫૫ વર્ષીય ગુણવંતભાઈ મોહનભાઈ ડાભી અને તેમની ૫૩ વર્ષીય પત્ની ગીતાબેને બપોરે પોતાના ઘરની છતના નકૂચામાં દોરડું બાંધી અંતિમ પગલું ભર્યું હતું. પરિવારજનો દ્વારા બંનેને તાત્કાલિક સિહોર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. દંપતીએ આ પગલું ભરતા પહેલાં પોતાની પુત્રવધુને પિયર મોકલી દીધી હતી. સંતાનમાં બે પરણિત દીકરીઓ અને એક પુત્ર છે. પુત્ર કિશોરભાઈ આર્મીમાં અરુણાચલમાં ફરજ બજાવે છે અને હાલમાં રજા પર ઘરે આવ્યા હતા. બનાવ સમયે તેઓ કામસર ભાવનગર ગયા હતા. ઘટના અંગે જાણ થતાં પોલીસે એડી દાખલ કરી તપાસ હાથ ધરી છે. આત્મહત્યાનું ચોક્કસ કારણ હજી જાણવા મળ્યું નથી. ઘટનાથી પરિવાર અને ગામમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

# ભાવનગરમાં ખાનગી હોસ્પિટલમાં સારવાર બાદ મહિલાનું મોત, તબીબ પર બેદરકારીનો આક્ષેપ

ભાવનગર, તા. ૧૩


ભાવનગર શહેરની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલી ઉષાબા પ્રહલાદસિંહ ગોહિલનું મોત નિપજતા પરિવારે તબીબ પર ગંભીર બેદરકારીના આક્ષેપો કર્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ, ઉષાબાએ ૧૨ દિવસ અગાઉ ગર્ભાશયની કોથળીનું ઓપરેશન કરાવ્યું હતું. ઓપરેશન બાદ તેમની તબિયત બગડતી રહી હતી.

પરિવારજનોનો આક્ષેપ છે કે તબિયત લથડતાં તેઓ ડોક્ટર પાસે પહોંચ્યા હતા, પરંતુ પરિસ્થિતિની ગંભીરતા ધ્યાનમાં લેવામાં આવી નહોતી. હાલત વધુ નાજુક બનતા મહિલાને ફરી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું.

ઘટનાને લઈને હોસ્પિટલ પરિસરમાં તણાવનું વાતાવરણ સર્જાયું છે. પરિવારે જવાબદાર સામે કાર્યવાહી ન થાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કર્યો છે. પોલીસે મામલાની તપાસ શરૂ કરી છે.

# ભવનાથ મેળામાં નાગા સાધુનો આતંક, દત્ત ચોકમાં તલવાર સાથે હંગામો

જૂનાગઢ, તા. ૧૩



ભવનાથ મહાદેવ મંદિર ખાતે ચાલી રહેલા મહાશિવરાત્રી મેળા દરમિયાન દત્ત ચોક વિસ્તારમાં એક નાગા સાધુના હિંસક વર્તનથી અફરાતફરી મચી ગઈ હતી. ચારેય તરફ ભક્તિમય માહોલ વચ્ચે ૧૨ ફેબ્રુઆરીની રાત્રે સાધુ અચાનક આવેશમાં આવી હાથમાં ખુલ્લી તલવાર લઈને રસ્તા પર સૂતા લોકોને ડરાવા લાગ્યો હતો. પ્રત્યક્ષદર્શીઓ મુજબ, સાધુએ તલવાર લહેરાવી કેટલાક લોકો પર હુમલો કર્યો હતો. એટલું જ નહીં, પોતાના સાથે રહેલા કપિરાજ (વાંદરા) દ્વારા પણ લોકોને ઈજા પહોંચાડાઈ હતી. કેટલાક ભક્તોને કરડવા અને પંજા મારવાના બનાવો સામે આવ્યા હોવાનું જણાવાય છે. આ બનાવથી મેળાના શાંતિપૂર્ણ અને ધાર્મિક વાતાવરણમાં ભય અને આતંક ફેલાયો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. સ્થાનિક રહેવાસીઓ અને ભક્તોમાં પણ રોષ ફેલાયો હતો. પોલીસે ગુસ્સે ભરાયેલા સાધુને કાબૂમાં લઈને કસ્ટડીમાં લીધો હતો અને પોલીસ સ્ટેશન ખાતે લઈ ગયા હતા. સમગ્ર બનાવ અંગે વધુ તપાસ હાથ ધરાઈ રહી છે.

# વડોદરામાં લોકરમાંથી ૩૫ તોલા સોનું ગાયબ, NRI ગ્રાહકનો બેંક પર બેદરકારીનો આક્ષેપ

વડોદરા, તા. ૧૩



શહેરના વાઘોડિયા રોડ વિસ્તારમાં આવેલી કોસ્મોસ કો-ઓપરેટિવ બેંકમાં લોકરમાં રાખેલા અંદાજે ૩૫ તોલા સોનાના દાગીના ગાયબ થવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. પારૂલ સોસાયટીમાં રહેતા અને હાલ અમેરિકામાં વસવાટ કરતા એનઆરઆઈ નરેન્દ્રભાઈ શાહે બેંકની બેદરકારીનો આક્ષેપ કર્યો છે. માહિતી મુજબ, દીકરીના લગ્ન પ્રસંગે નરેન્દ્રભાઈ પત્ની સાથે લોકરમાંથી દાગીના લેવા ગયા હતા. લોકર ખોલતા એલ્યુમિનિયમની પેટીનું તાળું ખૂલેલું જણાયું. તપાસ કરતાં સોનાની લગડી, ચેઈન, બંગડીઓ, બ્રેસલેટ સહિત કુલ ૩૫ તોલા જેટલું સોનું ગુમ હોવાનું સામે આવ્યું, જ્યારે ચાંદીના દાગીના યથાવત હતા.નરેન્દ્રભાઈએ જણાવ્યું કે છેલ્લે વર્ષ ૨૦૨૪માં લોકર ઓપરેટ કર્યું હતું. ત્યારબાદ લોકર ખોલ્યું નહોતું. ઘટના અંગે બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસ પ્રાથમિક તપાસમાં લોકર રૂમમાં સીસીટીવી ન હોવાનું બહાર આવ્યું છે અને અન્ય કેમેરાના ફૂટેજ માગવામાં આવ્યા છે. તપાસ ચાલુ છે.

# નવસારીના જલાલપોર તાલુકાના વધુ ૧૨ ભાજપ પદાધિકારીઓએ રાજીનામા આપ્યા

નવસારી, તા. ૧૩



ભારતીય જનતા પાર્ટીના નવસારી જિલ્લા સંગઠનની નવી જાહેરાત બાદ રાજીનામાનો દોર યથાવત છે. જલાલપોર તાલુકાના વધુ ૧૨ પદાધિકારીઓએ પોતાના પદ પરથી રાજીનામા આપી જિલ્લા પ્રમુખને સોંપ્યા છે. જલાલપોરને વર્ષોથી અન્યાય થતો હોવાનો આક્ષેપ કરતા અત્યાર સુધીમાં કુલ ૧૯ પદાધિકારીઓ રાજીનામા આપી ચૂક્યા છે. મહામંત્રી પદને લઈને નારાજગી મુખ્ય કારણ ગણાઈ રહી છે. આગેવાનોનું કહેવું છે કે મહત્વના પદોમાં જલાલપોરના કાર્યકરોને અવગણવામાં આવ્યા છે. જોકે, રાજીનામું આપનારોએ પક્ષ સાથે જોડાયેલા રહેવાની લાગણી વ્યક્ત કરી છે.

# રાજકોટમાં મતદારયાદી સુધારણામાં ૨.૯૫ લાખ ડુપ્લિકેટ નામ દૂર

રાજકોટ, તા. ૧૩

રાજકોટ જિલ્લામાં મતદારયાદી સુધારણા દરમિયાન અંદાજે ૨.૯૫ લાખ ડુપ્લિકેટ નામ દૂર કરવામાં આવ્યા છે. તેમાં પરપ્રાંતીય મતદારોના નામ પણ મોટા પ્રમાણમાં સામેલ હતા. ઉપરાંત, ૨૦૦૨ની યાદીમાં સમાવિષ્ટ ૮૯,૨૯૨ મૃતક અને ૬૧,૨૭૧ ગેરહાજર મતદારોના નામ પણ કમી કરવામાં આવ્યા છે. જિલ્લામાં ૩૩,૪૫૨ નવા મતદારો ઉમેરાયા છે, જ્યારે ૭,૨૦૦થી વધુ અરજદારો પૂરતા પુરાવા રજૂ કરી શક્યા નહોતા. રાજ્યભરમાં ચાલેલી પ્રક્રિયામાં કુલ ૭૩.૭૩ લાખ નામ દૂર થતાં મતદારોની સંખ્યા ૫.૦૮ કરોડથી ઘટીને ૪.૩૪ કરોડ રહી છે.

મતદારયાદી મુદ્દે કોંગ્રેસેએ રાજ્યવ્યાપી વિરોધ નોંધાવ્યો છે. અંતિમ યાદી ૧૭ ફેબ્રુઆરીએ જાહેર થવાની છે.

# સાબરકાંઠામાં પોન્ઝી સ્કીમ કૌભાંડ, ૫૨ લાખની છેતરપિંડી મામલે વધુ એક ફરિયાદ

હિંમતનગર, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લામાં ક્રિપ્ટોકરન્સી અને સ્ટોક માર્કેટમાં ઊંચા વળતરની લાલચ આપી છેતરપિંડી કરનાર પોન્ઝી સ્કીમો સામે વધુ એક ફરિયાદ નોંધાઈ છે.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં એપી કન્સલ્ટન્સીના સંચાલક અનિલસિંહ પરમાર વિરુદ્ધ ૫૨.૨૪ લાખ રૂપિયાની છેતરપિંડીનો ગુનો નોંધાયો છે.











